
Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

# SHREE ATMANAND PRAKASH



Vol-2 * Issue-10
AUGUST-2002
શ્રાવણ
ઓગસ્ટ-૨૦૦૨
આત્મ સંવત : ૧૦૬
વીર સંવત : ૨૫૨૮
વિક્રમ સંવત : ૨૦૫૮
પુસ્તક : ૯૯

यत्नः साध्यानुकुलश्चेत् संजायेत फलेग्रहिः ।
अन्यथा तु भवत्येव निष्फलो दुष्फलोऽथवा ।।

*

પ્રવૃત્તિ જો સાધ્યને અનુકૂળ હોય તો સફલતાને વરે છે, નહિ તો– અવળી પ્રવૃત્તિ નિષ્ફલ જાય છે યા બુરું પરિણામ નિપજાવે છે. ૨.

*

An effort if directed to the aim, fructifies, otherwise becomes fruitless or troublesome only. 2

*(કલ્યાણભારતી ચેપ્ટર-૭ : ગાથા-૨, પૃષ્ઠ-૧૫૯)*

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

તંત્રી : શ્રી પ્રમોદકાંત ખીમચંદ શાહ

## અનુક્રમણિકા


| ક્રમ | લેખ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| (૧) | જીવનરૂપી હંસને શિખામણ | રજુકર્તા : મુકેશ સરવૈયા | ૧ |
| (૨) | માણસ પોતાના જીવનના સત્યથી દૂર ભાગે છે. | મહેન્દ્ર પુનાતર | ૨ |
| (૩) | અષ્ટાપદ–કૈલાસ માનસરોવર યાત્રા (૩) | કાંતિલાલ દીપચંદ શાહ | ૬ |
| (૪) | જૈન આત્માનંદ સભા આયોજિત પ્રવાસ | અહેવાલ : મુકેશ સરવૈયા | ૧૦ |
| (૫) | સમ્યક્દૃષ્ટિ વિના વિશાળ જ્ઞાન કે તત્ત્વજ્ઞાનની ગહન જાણકારી નિરર્થક છે ! | ડૉ. કુમારપાળ દેસાઈ | ૧૧ |
| (૬) | કલકત્તામાં ડૉ. કુમારપાળ દેસાઈના પ્રવચનો | અહેવાલ | ૧૪ |
| (૭) | નંદ મણિકારની કથા | પ્રાકૃતવિજ્ઞાન કથાઓમાંથી | ૧૫ |
| (૮) | દુઃખમાં દીન ન બનજો સુખમાં લીન ન બનજો | ગણિવર્યશ્રી રાજરત્નવિજિયજી મ. | ૧૮ |
| (૯) | જૈનધર્મની મૂળ સમજ અને માન્યતાઓ | ગણિવર્ય શ્રી કુલચંદ્ર વિ. મ. સા. | ૨૧ |


### * આ સભાના નવા પેટ્રન મેમ્બરશ્રી *

શ્રી ભરતકુમાર વૃજલાલ શાહ (બી. વૃજલાલ એન્ડ કું.) મુંબઈ-૧૦

### * આ સભાના નવા આજીવન સભ્યશ્રી *

શ્રી મનહરલાલ એમ. મહેતા (વિલેપાર્લે-વેસ્ટ) મુંબઈ-૪૯

શ્રીમતી સુનિતાબેન કિરીટકુમાર શાહ-ભાવનગર

### * સોનેરી સુવાક્ય *

અસભ્ય આચરણ સાથે જીવનમાં સફળ થવું મુશ્કેલ છે. અસભ્ય વ્યક્તિ માટે ઉન્નતિનો દરવાજો કઠણ સાધના પછી ઉઘડે છે, જ્યારે શિષ્ટ અને મૃદુવાણી બોલનાર વ્યક્તિ પોતાના સ્વભાવના માધુર્ય માત્રથી પોતાનો રસ્તો મેળવી લે છે. મધુરવાણી ઉચ્ચારનારને સહુ કોઈ ચાહે છે, સહુ કોઈ તેનો આદર કરે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ટ્રસ્ટ રજી. નં. એફ-૩૭ ભાવનગર
શ્રી જૈન આત્માનંદ સભા
ભાવનગરનું મુખપત્ર
**શ્રી આત્માનંદ પ્રકાશ**
તંત્રી : પ્રમોદકાંત ખીમચંદ શાહ
ફોન : ઓ. ૫૧૬૬૦૭ ઘર : ૫૬૩૬૪૫
**: માલિક તથા પ્રકાશન સ્થળ :**
શ્રી જૈન આત્માનંદ સભા
ખારગેઈટ, ખોડિયાર હોટલ સામે,
ખાંચામાં, ભાવનગર-૩૬૪૦૦૧
ફોન નં. (૦૨૭૮) ૫૨૧૬૯૮

સભા પેટ્રન મેમ્બર ફી રૂા. ૧૦૦૧=૦૦
સભા આજીવન સભ્ય ફી રૂા. ૫૦૧=૦૦
વાર્ષિક લવાજમ પ્રથા બંધ છે.
**શ્રી આત્માનંદ પ્રકાશ વાર્ષિક જાહેરાત દર :**
ટાઈટલ પેઈજ આખું રૂા. ૫૦૦૦=૦૦
આખું પેઈજ રૂા. ૩૦૦૦=૦૦
અર્ધુ પેઈજ રૂા. ૧૫૦૦=૦૦
પા પેઈજ રૂા. ૧૦૦૦=૦૦
શૈક્ષણિક ઉત્તેજન, જ્ઞાનખાતુ, સભા નિભાવ ફંડ, યાત્રા પ્રવાસ આદિમાં વ્યાજું ફંડ માટે ડોનેશન સ્વીકારવામાં આવે છે.
: ચેક ડ્રાફટ :
શ્રી જૈન આત્માનંદ સભા ભાવનગરના નામનો લખવો.
**સભાના હોદ્દેદારશ્રીઓ :**
(૧) પ્રમોદકાંત ખીમચંદ શાહ—પ્રમુખ
(૨) દિવ્યકાંત એમ. સલોત—ઉપપ્રમુખ
(૩) જશવંતરાય સી. ગાંધી—ઉપપ્રમુખ
(૪) મનહરલાલ કે. મહેતા—મંત્રી
(૫) ચંદુલાલ ધનજીભાઈ વોરા—મંત્રી
(૬) ચીમનલાલ વર્ધમાન શાહ—મંત્રી
(૭) હસમુખરાય જે. હારીજવાળા—ખજાનચી

# જીવનરૂપી હંસને શિખામણ

હંસલો પ્રભુ ભજનનો આળસું રે,
હંસલો ભોજનમાં હોંશિયાર....હંસલો

હંસલાને હંસનો સંગ ગમતો નથી રે,
બેસે એ તો બગલાની સંગાથ....હંસલો

મુકી માન સરોવર વેગળું રે,
ખોળે એતો ખાબોચિયા દીન-રાત....હંસલો

હંસલાને મોતી ચારો ભાવતો નથી રે,
ગમે એને શૃંખલ કેરો સ્વાદ....હંસલો

હંસલાને સારી શિખામણ શું કરે રે,
લાગ્યો એને માયા પ્રપંચનો નાદ....હંસલો

હંસલો ભુલી ગયો નિજ દેશને રે,
ભુલ્યો ભુલ્યો પોતાનું ભાન....હંસલો

હંસલો બાજી હજી છે હાથમાં રે,
ગુરુજી સાચુ બતાવે જ્ઞાન....હંસલો

*રજુઆત : મુકેશ સરવૈયા*

❀

## આટલું જરૂર યાદ રાખો.

હા, રેલ્વેના ટાઈમટેબલમાં ફેરફાર થઈ શકે છે, જમ્બો જેટ પ્લેન લેઈટ આવી શકે છે, ટપાલ કે ટેલીગ્રામ ગેરવલ્લે જઈ શકે છે, દુધવાળા, છાપાવાળા કે કપડાવાળા કદાચ સમયમાં ગરબડ કરી શકે છે પણ યાદ રાખજો કે યમરાજાના આગમનમાં કોઈ ફેરફાર થતો નથી. મૃત્યુ તો નિશ્ચિત સમયે આવે જ છે.

❀

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# માણસ પોતાના જીવનના સત્યથી દૂર ભાગે છે

—મહેન્દ્ર પુનાતર

જૈનધર્મમાં ત્યાગનું, છોડવાનું અને ઇચ્છાના બંધનમાંથી મુક્ત થવાનું કહ્યું છે. ત્યાગ એ મોટો ધર્મ છે. છોડ્યા વગર કશું પ્રાપ્ત થઈ શકે નહીં. આમાં નકામું ગુમાવીને સાર્થક છે તે મેળવવાનું છે. ત્યાગની વાત આવે ત્યારે ઘણા માણસોને એમ થાય છે અમારે શાનો ત્યાગ કરવાનો? અમારી પાસે છે શું? લોકો એમ સમજે છે કે જેમની પાસે ધન છે, સંપત્તિ છે, મહેલાતો છે એમણે છોડવાનું છે બાકીનાએ કશું છોડવાની જરૂર નથી. ત્યાગનો અર્થ એવો નથી કે તમારે માત્ર ધન છોડવાનું છે. ત્યાગનો અર્થ છે તમારી પાસે જે 'કાંઈ છે' તે અને 'જે કાંઈ નથી' તે બંને છોડવાનું છે. કોઈને એમ થશે કે જે નથી તે કેવી રીતે છોડી શકાય? આ અંગે સંત કબીરની નાની એવી દૃષ્ટાંતકથા ઘણું સમજાવી જાય છે.

સંત કબીરના શિષ્યોમાં મોટાભાગના લોકો ગરીબ અને મધ્યમ વર્ગના લોકો હતા. ભજન--કીર્તન પછી તેઓ સરળ ભાષામાં બોધ આપતા હતા અને જીવનમાં ત્યાગનો મહિમા સમજાવતા.

સંત કબીરે સમજાવ્યું કે દરેક માણસે યથાશક્તિ ત્યાગ કરવો જોઈએ.

એક અનુયાયીએ હિંમત કરીને પૂછ્યું, અમારી પાસે કશું જ નથી, અમે શેનો ત્યાગ કરીએ? કબીરે તેમને પૂછ્યું, 'તમારી પાસે કશું જ નથી, તમારી પાસે શું શું નથી તે કહો?'

કોઈએ કહ્યું મારી પાસે નાનું એવું ખેતર છે થોડી જમીન વધારે હોય તો સારું. બીજાએ કહ્યું ઢોર-ઢાંખરમાં માત્ર એક ગાય છે એક ભેંસ હોય તો સારું પડે. ત્રીજાએ કહ્યું મારી પત્નીને સોનાની બુટ્ટી સિવાય કશું નથી થોડા વધુ ઘરેણાં હોય તો તે ખુશ રહે. કોઈએ કહ્યું 'અમારે નાનું એવું ઘર છે વધુ ઓરડાવાળું મોટું મકાન હોય તો અમને બધાને સગવડતા રહે.' આમ દરેક માણસે પોતાની પાસે જે નથી તેની લાંબી યાદી કબીર પાસે મુકી દીધી. દરેક માણસને પોતાની પાસે જે નથી તેની ફરિયાદ હતી, જે હતું તેનો સંતોષ અને સુખ નહોતું.

કબીરે કહ્યું : ભલે તમારી પાસે કશું ન હોય, પરંતુ તમારી પાસે જે 'નથી' તે ભાવનાનો તો ત્યાગ કરો.

આપણી પાસે જે હોય તે તો કદાચ આપણે છોડી શકીએ, પરંતુ જે નથી તેની ઇચ્છા, અબળખા અને એષણાને છોડવી મુશ્કેલ છે. એક સમ્રાટ પોતાના આખા સામ્રાજયનો ત્યાગ કરી શકશે, પરંતુ એક ભિખારી પોતાનું શકોરું નહીં છોડી શકે. જેણે પ્રાપ્ત કર્યું છે તેને તેની યથાર્થતાની ખબર છે એટલે તેને માટે ત્યાગ કરવાનું આસાન છે. સુખી અને શ્રીમંત માણસોને છેવટે સમજાય છે કે જેની પાછળ આપણે દોટ મુકી રહ્યા હતા અને જે કાંઈ આપણે મેળવ્યું છે તે કોઈ કામનું નથી. જીવનમાં નકામું ભેગું કરવાની ધાંધલમાં આપણે ઘણું ઘણું સાર્થક ગુમાવતા હોઈએ છીએ. ભવિષ્યની ચિંતામાં આજના આનંદને આપણે જતો કરીએ છીએ. વધુ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મેળવવાની લાયમાં આપણી પાસે જે કાંઈ છે તેનો સંતોષ આપણે મેળવી શકતા નથી. બધાની નજર દૂર પર છે એટલે જે પાસે છે તે દેખાતું નથી. માણસને જે નથી તે મેળવવાની અદમ્ય ઇચ્છા હોય છે. બે વસ્તુઓ માણસને ભડકાવી નાંખે છે એક ઇચ્છિત વસ્તુ વગર મહેનતે સહેલાઈથી મળી જાય અને બીજું સખત મહેનત કરવા છતાં ઇચ્છિત વસ્તુ હાથમાં ન આવે. બંને અંતિમો છે. બંને દુઃખદાયક છે. જીવનમાં સમતુલન સધાવું જોઈએ. એકાએક બધું મળી જાય તો ફુલાવું નહીં અને ન મળે તો હતાશ કે નિરાશ થવું નહીં. જીવન યાત્રામાં આગળને આગળ ચાલતા રહેવું. પરિશ્રમ, મહેનત કરતા રહેવું. જે સામેથી આવે તેને સ્વીકારી લેવું પછી ભલે તે સુખ હોય કે દુઃખ સમ્યક્ જ્ઞાન, સમ્યક્ દર્શન અને સમ્યક્ ચરિત્ર આ ત્રણે બાબત પાયાની છે. સમ્યક્ એટલે નહીં વધુ નહીં ઓછું, યથાયોગ્ય. સમ્યક્ જ્ઞાન એટલે સાચું જ્ઞાન, સમ્યક્ દર્શન એટલે સાચું દર્શન અને સમ્યક્ ચરિત્ર એટલે સાચું ચરિત્ર. અનુભવનું જ્ઞાન, સત્યનું દર્શન અને શ્રેષ્ઠ ચરિત્ર ન હોય તો ધર્મયાત્રામાં આગળ વધી શકાતું નથી. આમાં દંભ અને દિખાવટ કામ આવે નહીં. માણસ તન અને મનથી વિશુદ્ધ બનવો જોઈએ. તનથી ન થાય એટલા મનથી પાપ થતા હોય છે. માણસના મનને કળી શકાતું નથી. માણસ મીઠી મીઠી વાત કરતો હોય, પરંતુ તેના મનમાં શું છે તેનો તાગ મેળવી શકાતો નથી. દરેક માણસ પોતાની અસલી ચહેરા પર મહોરું લગાવીને બેઠો છે. તે કહે છે શું અને કરે છે શું? માણસના મનનો એક્સ-રે લઈ શકાતો નથી તે સારું છે. નહીંતર પાપ અને દંભનો પડદો ચિરાઈ જાય, કહેવાતી સજ્જનતા ખુલ્લી પડી જાય અને દરેક માણસ બીજાનો દુશ્મન બની જાય. જરા વિચારીએ કે આપણે બીજા માટે મનમાં કેવું ધારીએ છીએ, કેવા કેવા મનસૂબા કરીએ છીએ અને મન દ્વારા કેવા કેવા પાપો કરીએ છીએ. જૈન ધર્મ કહે છે મન દ્વારા પણ આપણે જે કાંઈ ખોટું કરીએ છીએ તે પાપ છે. મન, વચન અને કર્મથી પાપ થવું જોઈએ નહીં.

માણસ પોતે શું છે તે વિચારતો નથી. તેની નજર બીજા તરફ છે. બીજા શું કરે છે, બીજાની પાસે શું છે તેની તેને ચિંતા છે. માણસ બીજાને જોવામાં પોતાનું જોવાને ભૂલી જાય છે.

લોકો પોતાના જીવનના સત્યથી બચવા માંગે છે, દૂર ભાગે છે, તેનાથી પીઠ ફેરવીને બેસી જાય છે. સત્ય હંમેશાં કઠોર હોય છે. માણસ સ્વપ્નમાં, આકાંક્ષામાં અને આશામાં જીવતો હોય છે. સુખ ઝંખનામાં છે. જીવનમાં જે નથી મળતું તે માણસ સ્વપ્નોમાં મન દ્વારા માણી લે છે, પરંતુ આ વાસ્તવિકતા નથી. આ સુખ ક્ષણભરનું છે. આમાં દુઃખ સિવાય બીજું કશું નથી. આ રીતે માણસ પોતાની જાતને છેતરી રહ્યો છે. માણસને જીવનમાં બધું જોઈએ છે પણ પોતે શું છે તે વિચારતો નથી. પોતાના જીવન પ્રત્યે દૃષ્ટિ કરવાની હિંમત નથી, કારણ કે તેને ખબર છે કે અહીં માટી, કચરો અને કૂડો ભરેલો છે. માણસ જો પોતાના તરફ દૃષ્ટિ કરે તો તેને જગત સારું લાગે. આ અંગેની એક કથા જાણવા--સમજવા જેવી છે.

એક શહેરમાં નવતર મેરેજ બ્યુરો ખુલ્યો હતો. જેમાં કોઈપણ યુવક જઈને મનપસંદ પોતાને માટે યોગ્ય પત્નીને શોધી શકતો હતો. એક યુવાન આ બ્યુરો પર જઈ પહોંચ્યો. અંદર ઓરડામાં જઈને જોયું તો ત્યાં બે દરવાજા હતા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એક દરવાજા પર લખ્યું હતું :

'યુવાન સુંદર પત્ની' અને બીજા પર લખ્યું હતું : 'સાધારણ પત્ની'. યુવકે સુંદર પત્નીવાળો દરવાજો ખોલ્યો અને અંદર ગયો તો ત્યાં બીજા બે દરવાજા હતા. એક પર લખ્યું હતું 'કુશળ પત્ની' અને બીજા પર લખ્યું હતું 'ગમાર પત્ની'. યુવકે કુશળ પત્નીનો દરવાજો ખોલ્યો તો ત્યાં પણ બે દરવાજા હતા : 'અન્નપૂર્ણ પત્ની' અને 'ખાઉધરી પત્ની. યુવકે અન્નપૂર્ણાવાળો દરવાજો ખોલ્યો તો ત્યાં બીજા બે દરવાજા હતા. એક પર લખ્યું હતું 'સંગીતજ્ઞ પત્ની' અને બીજા પર લખ્યું હતું 'કર્કશા પત્ની'. સ્વાભાવિક રીતે યુવાને સંગીતજ્ઞવાળો દરવાજો ઉઘાડ્યો તો અંદર બીજા બે દરવાજા. એક પર લખ્યું હતું 'શ્રીમંત પત્ની' અને બીજા પર લખ્યું હતું કે 'ગરીબ પત્ની'. યુવકે શ્રીમંત પત્નીવાળો દરવાજો પસંદ કર્યો. યુવક હિસાબથી, ગણિતથી, સમજદારીથી આગળ વધી રહ્યો હતો. જે જોઈતું હતું તે પસંદ કરી રહ્યો હતો. આ દરવાજો ખોલ્યા પછી સામે માત્ર એક દરવાજો હતો.

યુવાનની આતુરતાનો અંત આવ્યો. તેના દિલની ધડકન તેજ થઈ ગઈ. દોડીને હોંશે હોંશે દરવાજો ખોલ્યો તો સામે એક દર્પણ હતું અને તેના પર એક સૂત્ર કોતરેલું હતું 'આપને સર્વગુણ સંપન્ન પત્ની જોઈએ છે પણ દર્પણમાં જરા નજર કરો, તમે એને માટે લાયક છો કે?'

જિંદગીમાં ઇચ્છા ને ઇચ્છા સિવાય બીજું કશું નથી. દરેક દરવાજા પર ટકોરા મારતા રહીએ છીએ છતાં મનપસંદ કશું મળતું નથી. દરેક દરવાજા પર આશા છે, અપેક્ષા છે, એષણા છે. આશા બંધાય છે, સ્વપ્નો સર્જાય છે. સ્વપ્નો તૂટે છે, ફૂટે છે અને માણસ આકાશમાંથી નીચે પટકાય છે. સ્વપ્નોમાં ક્યાં સુધી રાચશો? દર્પણમાં ચહેરો જોવાનો સમય પાકી ગયો છે. જાત સામે એક વખત નજર કરો બધું સમજાઈ જશે. જીવનના આ સત્યને જેટલું જલદીથી સમજીએ તેટલું સારું છે. સમય કોઈના માટે રાહ જોતો નથી.

*[મુંબઈ સમાચાર દૈનિકના તા. ૧૧-૧૧-૨૦૦૧ના જિનદર્શન વિભાગમાંથી સાભાર]*

## સાહિત્ય સર્જન માટે ડૉ. કુમારપાળ દેસાઈને એનાયત થયેલો શ્રી ધનજી કાનજી ગાંધી સુવર્ણચંદ્રક

ગુજરાતી સાહિત્યરસિકોની વિશાળ ઉપસ્થિતિમાં ગુજરાત સાહિત્ય સભા અમદાવાદ દ્વારા અત્રે યોજિત એક વિશિષ્ટ સમારંભમાં શ્રદ્ધેય શ્રી કે. કા. શાસ્ત્રીના વરદ હસ્તે ૨૦૦૧ના વર્ષનો શ્રી ધનજી કાનજી ગાંધી સુવર્ણચંદ્રક ગુજરાતી સાહિત્યના અનેક સાહિત્યસ્વરૂપોમાં મૂલ્યવાન પ્રદાન કરનાર સાહિત્યકાર, પત્રકાર, પ્રાધ્યાપક અને ધર્મ દર્શનના ચિંતક ડૉ. કુમારપાળ દેસાઈને અર્પણ કરવામાં આવ્યો હતો. આ સમયે મૂર્ધન્ય અને અગ્રગણ્ય સાહિત્યકારો દ્વારા સાહિત્ય, શિક્ષણ, પત્રકારત્વ, સમાજસેવા, રમતગમત, ધર્મદર્શન અને વિવેચન ક્ષેત્રોના ડૉ. કુમારપાળ દેસાઈના પ્રદાનને બિરદાવવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગુજરાત સાહિત્ય અકાદમીના પ્રમુખ સાહિત્યકાર ડૉ. ભોળાભાઈ પટેલે, ડૉ. કુમારપાળ દેસાઈના અધ્યયન લેખોના પુસ્તક 'શબ્દ સમીપ'નું વિમોચન પણ કર્યું હતું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આર્યાવર્તના આદર્શ જ્યોતિર્ધરો

ત્યાગની જ્યોત જો ખરેખર જ્વલંત હોય તો ભોગનું કાજળ ઘેરૂ અંધારૂં બિલકુલ ટકી ન શકે. ભોગ સુખો ભલે ને ગમે તેવા મોહક હોય પરંતુ ત્યાગના સામર્થ્ય સામે એ હંમેશા પરાજિત જ થાય ! નજર કરો ઈતિહાસ પર, તમને દેખાશે....

❀ પશુડાના દર્દનાક ચિત્કાર સાંભળીને રાજુલ જેવી રમણીને છોડી જતાં નેમકુમાર.

❀ પરણીને બીજે જ દિવસે આઠ-આઠ સુંદરીને ત્યાગી દેનાર જમ્બુકુમાર.

❀ પરણીને હજુ તો ઘરે પણ નથી પહોંચ્યા ત્યાં માર્ગમાં જ સાધુત્વનો સ્વીકાર કરનાર મીંઢળબંધા રાજકુમાર વજબાહુ.

❀ ચંડરૂદ્રાચાર્યના હસ્તે દીક્ષિત થઈને કોઈ નારીના કંથને બદલે સંત બની જતો પેલો દૃઢ મનોબળવાળો યુવાન.

❀ શિરોહીના ઉપાશ્રયમાં પ્રતિક્રમણ કરતી વેળાએ, ભૂલથી ભાવિ પત્નીએ સાધુ સમજીને વંદન કરતાં જ સાધુ થવાનો નિર્ણય કરનાર શ્રેષ્ઠિ પુત્ર.

❀ 'સાવધાન'નો પોકાર સાંભળતા જ ચોરીમાંથી ઊભા થઈને સંન્યાસ લેવા દોડી જતાં સંત રામદાસ (શિવાજીના ગુરુ).

❀ લગ્નની પ્રથમ રાત્રીએ જ સ્વપત્નિ શારદામણિ દેવીમાં સોલ સંસ્કારપૂર્વક માતૃત્વનું સ્થાપન કરતાં રામકૃષ્ણ પરમહંસ.

કેવા કેવા આદર્શ ત્યાગીઓ થઈ ગયા છે. આ ભારતની ભવ્ય ભૂમિમાં ?

આથી જ કહેવાયું છે કે 'દુર્લભં ભારતે જન્મ.'

**SHASHI INDUSTRIES**

SELARSHA ROAD, BHAVNAGAR-364001

PHONE : (O) 428254-430539

❀

Rajaji Nagar, BALGALORE-560010

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# અષ્ટાપદ-કૈલાસ માનસરોવર યાત્રા (૩)

*યાત્રિક : કાન્તિલાલ દીપચંદ શાહ*

## દિલ્હીથી ધારચુલા

સવારના સાતેક વાગે ઉત્સાહિત યાત્રિકો સામાન લઈને અશોક ગેસ્ટ હાઉસના બગીચામાં બધા ભેગા થયા. ગ્રુપ ફોટો લેવાયો. ગઈ કાલે ભારત સરકારના વિદેશપ્રધાન શ્રી જશવંતસિંહે હાજર રહીને યાત્રાની સફળતા ઇચ્છી હતી. કુમાઉ મંડળ વિકાસ નિગમની બસ આવતાં સામાન ચડાવીને બધા હર હર મહાદેવ, ૐ નમઃ શિવાય તથા શ્રી આદેશ્વર ભગવાન કી જય બોલાવીને બસમાં બેઠા. બસ પાર્લામેન્ટ હાઉસ, પ્રેસીડન્ટ હાઉસ તથા દિલ્હી ગેટ છોડતી દિલ્હીમાંથી પસાર થઈ દશેક વાગ્યે ગાઝીયાબાદ પહોંચ્યા. ગાઝીયાબાદના કૈલાસ માનસરોવર મંડળ વતી દરેક યાત્રિકનું હારતોરા પહેરાવીને સન્માન કર્યું. થોડુંક પ્રવચન કર્યા બાદ આશીર્વાદ આપી કેટલીક સુચનાઓ આપી. આભાર વિધિ પતાવી ચા-નાસ્તો કરી કાઠગોદામ જવા નીકળ્યા. રસ્તામાં કમાનો, માઈકમાંથી આવતા અવાજો તથા સફેદ, કેશરીયા, લાલટોપીવાળા ટોળાઓ જોયા. જાણવા મળ્યું કે બે દિવસ પછી લોકસભાની ચૂંટણી આવી રહેલ છે. સાંજે કાઠગોદમ પહોંચ્યા. સાંજના દૈનિક સમાચારમાં વાંચ્યું કે કૈલાસની યાત્રાએ ગયેલ એક બેન (ભાવનગરના) બેભાન થઈ જવાથી હેલીકોપ્ટરમાં લાવવા તજવીજ થઈ રહી છે. વાંચીને દરેક યાત્રિકો ચિંતામાં પડી ગયા. યાત્રા સફળતાપૂર્વક થશે કે નહિ નિગમના ગેસ્ટ હાઉસમાં જમી કરીને સૂઈ ગયા. કાઠગોદમ રેલ્વેનું છેલ્લું સ્ટેશન છે. લાકડાના ખૂબ જ ગોદામ હોવાથી કાઠગોદમ નામ પડ્યું.

કાઠગોદમથી સવારે નીકળી બે મીની બસમાં બાગેશ્વર જવા નીકળ્યા લગભગ દશેક વાગ્યે રસ્તામાં આવતા બૈજનાથ પહોંચ્યા. જયાં માતાજીનું પુરાણું મંદિર છે. એક જ રાતમાં પાંડવોએ બાંધવાનું નક્કી કર્યું. પણ છતનું કામ પુરું થઈ શક્યું નહિ. પ્રાચીન મૂર્તિઓમાં મહર્ષિ-મર્દની ચંડિકા પાર્વતીની કલાતમ મૂર્તિઓ છે. સાંજે બાગેશ્વર પહોંચ્યા. જયાં રાત્રે ગેસ્ટ હાઉસમાં જમવા રહેવાનું હતું. ગોમતી અને સરયુના સંગમ ઉપર આવેલું બાગેશ્વર યાત્રાનું ધામ છે. નદીને કાંઠે બાગેશ્વર મહાદેવનું મંદિર અને તેનાથી થોડે દૂર અર્ધ નારીશ્વરનું પુરાણું મંદિર છે. બાગેશ્વરમાં ધાર્મિક મેળો ભરાયો હતો. આજુબાજુના પહાડી પ્રદેશના ભાવિક લોકો આવ્યા હતા અને મધુર ગીતો ગાતા હતા. વાતાવરણ ધર્મમય બની ગયું હતું. મંદિરના દર્શન કર્યા પછી દરેકને જમવાનું પણ હતું અમોને જમવા માટે ખુબ જ આગ્રહ કર્યો. તેઓના માન ખાતર શેષ લીધી અને આભાર માન્યો.

બાગેશ્વરથી સવારે બસ ઉપડી કે તરત જ હિમાલયની ઠંડીનો તથા મધુર પવનનો પહેલો અનુભવ થયો. આખું વાતાવરણ આલ્હાદક હતું. દૂર દૂર સુધી નૈસર્ગિક સૌંદર્ય એવું તો આકર્ષક હતું કે અમારી આંખો જાણે તેમાં ખોવાઈ ગઈ. પહાડો ઉપરના નિસરણી આકારનાં લીલાછમ ખેતરો જાણે સ્વર્ગના પગથીયા ન હોય. બસ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ક્યારેક ૨૦૦૦ ફુટ નીચે ઉતરી જાય કોઈને ચક્કર આવે અને ઉલટી પણ થાય. રસ્તાની બાજુના ઉંચા પહાડ ઉપરથી પાણીનો સુંદર ધોધ નીચે પડતો જોયો. જ્યારે પવનનો ઝપાટો આવે ત્યારે તેને અસંખ્ય જળબિંદુઓ રૂપે વેરવિખેર કરી નાંખે. સૂર્યના તાપમાં તે બધા જાણે મુલ્યવાન મોતી જેવા ચમકી ઉઠે છે. સાથે સાથ નાનકડું મેઘ ધનુષ્ય જોવામાં આવે નીચેની ખીણમાં વહેતી કાલી નદી પણ આ પહાડના ઝરણાની સુંદરતામાં વધારો કરે છે.

ચાર દિવસો સાથે રહેવાથી જુદા જુદા પ્રાંતોમાંથી આવેલા યાત્રિઓ એકબીજાને ઓળખવા લાગ્યા. વાતચીતની શરૂઆત થઈ દરેક જણ પોત પોતાની વિશિષ્ટતાઓ દર્શાવવા લાગ્યા. કોઈ ગીતો ગાવામાં જોક્સ કહેવામાં, એકબીજાની ઠઠ્ઠા મશ્કરી કરવા લાગ્યા. આમ એક કુટુંબ જેવું વાતાવરણ બની ગયું. પ્રાંતિયતા ભુલાઈ ગઈ અને રાષ્ટ્રીયતા આવી. મને જોઈને અંદર અંદર વાતો કરતા હતા કે કાકા યાત્રા કરી શકશે કે નહિ. કેટલાકે પુછવાની હિંમત પણ કરી.

બપોરે ૩ વાગે ધારચુલા પહોંચ્યા. ધારચુલા કૈલાસ માનસરોવર યાત્રાની તળેટી ગણાય છે. જેમકે આપણે શેત્રુંજા ડુંગર ઉપર જવા માટે ડોળી કે ઉપરામણ કરાવવાનું તથા વધારાનો સામાન નીચે મુકતા જવાનું સ્થાન. યાત્રા કરવા માટે જે પગે ન ચાલી શકે તેઓએ ધારચુલાથી જ ઘોડા તથા મજુરનું નક્કી કરવું પડે છે. ૩૦ દિવસના પ્રવાસમાં આગળ કાંઈ જ મળે નહિ. ધારચુલામાં નિગમનું ગેસ્ટ હાઉસ છે. દૂરથી ધારચુલાનું દૃશ્ય ઘણું જ સુંદર લાગે. આ નાનકડું પહાડી ગામ ત્રણ બાજુએ આવેલા પહાડોની વચ્ચે ચુલા જેવું લાગતું હોવાથી તેનું નામ ધારચુલા પડ્યું. ધારચુલા બે છે એક નેપાળ બાજુનું અને બીજું ભારત બાજુનું. બન્ને ધારચુલાને જોડતો કાલી ગંગા ઉપર ઝુલતો પુલ છે. જે લક્ષ્મણ જુલા જેવો લાગે. પુલ પાસે પહોંચીને જોઈએ તો કાલી નદીએ મહાકાળીનું સ્વરૂપ ધારણ કર્યું હોય તેવું લાગે. પુલ ઉપરથી જોઈએ તો તેનો ઉછળતો અને વળાંક લેતો ઝડપથી પસાર થતો પાણીનો પ્રવાહ જોઈને ચક્કર આવી જાય. સાંજે પાંચેક વાગ્યે અચાનક વાદળો ધસી આવ્યા અને અંધારુ ઘોર થઈ ગયું વંટોળીયો ચડ્યો અને અનરાધાર વરસાદ પડ્યો.

દિલ્હીથી ધારચુલાનો બસનો પ્રવાસ પુરો થયો. આવતીકાલે માંગતી સુધી બસમાં જવાનું ત્યાર પછી પગે ચાલીને કે ઘોડા ઉપર ખરી યાત્રા શરૂ થશે. યાત્રામાં લઈ જવાનો સામાન તૈયાર કરી. જમીને વાતો કરતાં કરતાં સૂઈ ગયા.

*(ક્રમશઃ)*

## યાત્રા ચાર્ટ

| દિવસ | ક્યાંથી | ક્યા | કિ.મી. | ઊંચાઈ |
|---|---|---|---|---|
| ૧ | દિલ્હી | કાઠગોદમ | ૨૮૫ | ૫૫૦ |
| ૨ | કાઠગોદમ | બાગેશ્વર | ૧૮૦ | ૬૭૫ |
| ૩ | બાગેશ્વર | ધારચુલા | ૧૬૦ | ૭૦૦ |
| ૪ | ધારચુલા | ગાલા | [illegible] | ૮૦૦૦ |
| ૫ | ગાલા | બુધિ | [illegible]૧ | ૯૫૦૦ |
| ૬ | બુધિ | ગુંજી | ૧૫ | ૧૦૫૦૦ |
| ૭ | ગુંજી | કાલાપાની | ૧૦ | ૧૨,૦૦૦ |
| ૮ | કાલાપાની | ૐ પર્વત (નવીડાંગ) | ૮ | ૧૩,૪૦૦ |
| ૯ | નવીડાંગ | લીપુપાસ | ૭ | ૧૬,૭૫૦ |
| | લીપુપાસ | તાકલાકોટ ચીનની સરહદમાં | ૧૯ | |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



| દિવસ | ક્યાંથી | ક્યા | કિ.મી. | ઊંચાઈ |
|---|---|---|---|---|
| ૧૦ | તાકલાકોટ | આરામ | – | – |
| ૧૧ | તાકલાકોટ | હોરે | ૧૦૦ | – |
| ૧૨ | હોરે | ક્યુ. ગુ | ૪૫ | ૧૪૯૫૦ |
| ૧૩ | ક્યુગુ | ઝેદી | ૩૫ | |
| ૧૪ | માનસરોવર સ્નાન, પૂજા,હવન | | – | ૧૪૯૫૦ |
| ૧૫ | માનસરોવર | દારચેન | ૩૫ | – |
| ૧૬ | દારચેન | દેરાફુક | ૨૨ | ૧૭૫૦૦ |
| ૧૭ | દેરાફુક | દારચેન | ૨૨ | – |
| ૧૮ | દારચેન | અષ્ટાપદ | ૧૫ | ૧૮,૦૦૦ |
| ૧૯ | દારચેન | તાકલાકોટ | ૧૧૫ | – |
| ૨૦ | તાકલાકોટ | ખોજરનાથ | ૨૦ | – |
| ૨૧ | તાકલાકોટ | ભારત તરફ | – | – |
| ૨૭ | લીપુપાસ | દિલ્હી | ૭૨૯ | – |

(ક્રમશઃ)

## ભાવનગર સ્થિત ચાતુર્માસ બિરાજમાન પૂ. સાધુ ભગવંતોની ચાતુર્માસ યાદી

**પૂ. આ.શ્રી વિજયચંદ્રોદયસૂરીશ્વરજી મ. સા. આદિ**
કૃષ્ણનગર જૈન ઉપાશ્રય, નેમિસૂરિજી માર્ગ,
કૃષ્ણનગર, ભાવનગર-૩૬૪૦૦૧

**પૂ. આચાર્યશ્રી વિજયજયચંદ્રસૂરીશ્વરજી મ.સા. આદિ**
શાસ્ત્રીનગર જૈન દેરાસર ઉપાશ્રય,
શાસ્ત્રીનગર, ભાવનગર-૩૬૪૦૦૩

**પૂ. શ્રી સ્થૂલીભદ્રવિજયજી મ.સા. તથા**
**પૂ. ગણિવર્ય શ્રી નિર્મળચંદ્રવિજયજી મ.સા. આદિ**
દાદા સાહેબ જૈન દેરાસર ઉપાશ્રય,
કાળાનાળા, ભાવનગર-૩૬૪૦૦૧

**પૂ. મુનિશ્રી કુશળસાગરજી મ.સા. તથા**
**પૂ. મુનિશ્રી સુમતિસાગરજી મ. સા. આદિ**
નૂતન જૈન ઉપાશ્રય, નાનભા શેરી,
રાંધનપુરી બજાર, ભાવનગર-૩૬૪૦૦૧

**પૂ. ગણિવર્યશ્રી રાજચંદ્રવિજયજી મ. સા. આદિ**
રૂપાણી સર્કલ જૈન દેરાસર ઉપાશ્રય,
રૂપાણી સર્કલ, ભાવનગર-૩૬૪૦૦૧

**પૂ. ગણિવર્યશ્રી કુલચંદ્રવિજયજી મ.સા. આદિ**
વિદ્યાનગર જૈન દેરાસર ઉપાશ્રય,
વિદ્યાનગર, ભાવનગર-૩૬૪૦૦૨

**પૂ. મુનિશ્રી જયચંદ્રવિજયજી મ.સા. આદિ**
ગોડીજી જૈન દેરાસર ઉપાશ્રય,
વોરા બજાર, ભાવનગર-૩૬૪૦૦૧

**With Best Compliments From :**

**Universal AGENCIES**

Press road, volkart road, BHAVNAGAR-364001
Phone : (O) 428557/427954 Fax : (0278) 421674
E-mail : universal agencies@usa.net

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શ્રી જૈન આત્માનંદ સભા દ્વારા પ્રકાશિત
'શ્રી આત્માનંદ પ્રકાશ'ને અમારી હાર્દિક શુભેચ્છા

# મેસર્સ ચીમનલાલ મુળચંદ શાહ

**દરેક જાતના ઉચ્ચ ક્વોલીટીના અનાજ તથા કઠોળના વેપારી**

દાણાપીઠ, ભાવનગર. ફોન : ૪૨૮૯૯૭-૫૧૭૮૫૪

| રોહિતભાઈ | સુનીલભાઈ | પરેશભાઈ |
|---|---|---|
| ઘર : ૨૦૧૪૭૦ | ઘર : ૨૦૦૪૨૬ | ઘર : ૫૧૬૬૩૯ |

## ભાવનગર નાગરિક સહકારી બેંક લિ.

હેડ ઓફિસ : ૧૪, ગંગાજળીયા તળાવ, ભાવનગર ફોન : ૪૨૯૦૭૦, ૪૩૦૧૯૫

**: શાખાઓ :**

ફોન : કૃષ્ણનગર—૪૩૯૭૮૨, વડવા પાનવાડી—૪૨૫૦૭૧, રૂપાણી-સરદારનગર-૫૬૫૯૬૦, ભાવનગર-પરા-૪૪૫૭૯૬, રામમંત્ર-મંદિર-૫૬૩૮૩૨, ઘોઘા રોડ—૫૬૪૩૩૦, શિશુવિહાર—૪૩૨૬૧૪

**તા. ૧-૪-૨૦૦૨ થી થાપણ તથા ધિરાણમાં સુધારેલ વ્યાજના દરો**

| ડીપોઝીટ | વ્યાજનો દર | સલામત રોકાણ | આકર્ષક વ્યાજ |
|---|---|---|---|
| ૩૦ દિવસથી ૯૦ દિવસ સુધી | ૬.૫ ટકા | ૨ વર્ષથી ૩ વર્ષની અંદર | ૮.૫ ટકા |
| ૯૧ દિવસથી ૧૮૦ દિવસ સુધી | ૭.૦ ટકા | ૩ વર્ષ કે તે ઉપરાંત | ૯.૦ ટકા |
| ૧ વર્ષથી ૨ વર્ષની અંદર | ૮.૫ ટકા | સેવિંગ્ઝ ખાતામાં ૫ ટકા વ્યાજ આપવામાં આવશે. | |

❀ ૯૦ માસે રકમ ડબલ મળશે. ❀ સીનીયર સીટીઝનને F.D. ઉપરએક ટકો વધુ વ્યાજ આપવામાં આવશે.

❀ સોના લોન, હાઉસીંગ લોન, મકાન રીપેરીંગ લોન, એન.એસ.સી. લોન, શૈક્ષણિક હેતુ લોન, સ્વ વ્યવસાય, સ્વ રોજગાર માટે ધિરાણ આપવામાં આવે છે. વધુ વિગત માટે હેડ ઓફિસ-શાખાઓનો સંપર્ક સાધવા વિનંતી.

❀ નિયમીત હપ્તા ભરનારને ભરેલ વ્યાજના ૬ ટકા વ્યાજ રીબેટ મળે છે.

બેન્કની વડવા-પાનવાડી રોડ શાખામાં વહેલા તે પહેલાના ધોરણે પસંદગીના લોકર ભાડે આપવામાં આવે છે.

| મનહરભાઈ એચ. વ્યાસ | નિરંજનભાઈ ડી. દવે | વેણીલાલ એમ. પારેખ |
|---|---|---|
| જનરલ મેનેજર | મેનેજિંગ ડીરેક્ટર | ચેરમેન |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ❀ શ્રી જૈન આત્માનંદ સભા આયોજિત યાત્રાપ્રવાસ ❀

અહેવાલ : મુકેશ સરવૈયા

શ્રી જૈન આત્માનંદ સભા--ભાવનગર દ્વારા ગત તા. ૧૬-૬-૨૦૦૨ને રવિવારના રોજ ઘોઘા, કોળીયાક, તળાજા, દાઠા, શેત્રુંજી ડેમ તથા પાલીતાણા-તલાટી તીર્થનો યાત્રા પ્રવાસ યોજવામાં આવ્યો હતો.

આ યાત્રા પ્રવાસ કારતકથી જેઠ માસનો સંયુક્ત રાખવામાં આવ્યો હતો. જેમાં ઘોઘા, ડેમ, પાલીતાણા તથા તળાજાના યાત્રાપ્રવાસના દાતાશ્રીઓની વ્યાજની રકમમાંથી ગુરુભક્તિ તથા સ્વામીભક્તિ કરવામાં આવી હતી.

આ યાત્રાપ્રવાસમાં ડોનરશ્રીઓ, સભ્યશ્રીઓ તથા ગેસ્ટશ્રીઓ જોડાયા હતા.

ભાવનગરથી વહેલી સવારે ૬-૩૦ કલાકે નીકળી ૭-૩૦ કલાકે ઘોઘા પહોંચ્યા હતા. અહીં સેવા-પૂજા-દર્શન-ચૈત્યવંદન તથા નવકારશી કરી સવારના ૯-૦૦ કલાકે કોળીયાક પહોંચ્યા હતા. અહીં દર્શન આદિ કરી તળાજા તરફ પ્રયાણ કરતાં બપોરના ૧૨-૦૦ કલાકે તળાજા પહોંચ્યા હતા. અહિં તાલધ્વજ ગિરિરાજ ઉપર દાદાના દર્શન-સેવા-પૂજા-ચૈત્યવંદન કરી બપોરના ૧-૩૦ કલાકે દાઠા પહોંચ્યા હતા. અહિં દેવ-દર્શન-પૂજા આદિ કરી બપોરના જમણ બાદ શેત્રુંજી ડેમ તરફ રવાના થયા હતા. અહિં દર્શન-ચૈત્યવંદન બાદ બપોરના ચા-પાણી તથા સાંજનું જમણ લઈ પાલીતાણા-તલાટી દર્શન કરી ભાવનગર તરફ પ્રયાણ કર્યું હતું.

આમ પંચતીર્થી યાત્રાનો અનેરો લાભ લઈ રાત્રિના ૧૧-૦૦ કલાકે ભાવનગર પહોંચ્યા હતા.

આ યાત્રા દરમ્યાન ૪૦ સંઘપૂજન થયા હતા. જેનો જુદા જુદા મહાનુભાવોએ હોંશપૂર્વક લાભ લીધો હતો. સભાના માનદ્‌મંત્રી શ્રી મનહરલાલ કે. મહેતા દ્વારા ૨૬ યાત્રિકોએ થાળી ધોઈને પીતા તેઓનું રૂા. ૫-૦૦ની પ્રભાવનાપૂર્વક બહુમાન કરવામાં આવ્યું હતું.

## ❀ શોકાંજલિ ❀

નગીનદાસ અમૃતલાલ શાહ (યુનીક એજન્સીવાળા) ઉ. વ. ૭૫ ગત તા. ૧૩-૬-૨૦૦૨ને ગુરુવારના રોજ ભાવનગર મુકામે સ્વર્ગવાસ પામેલ છે. તેઓશ્રી આ સભાના આજીવન સભ્ય હતા. સભા પ્રત્યે તેઓશ્રી અત્યંત મમતા અને સ્નેહ ધરાવતા હતા.

તેઓશ્રીના અવસાનથી તેમના કુટુંબ પરિવાર ઉપર આવી પડેલ આ દુઃખમાં આ સભા સમવેદના પ્રગટ કરે છે. સાથેસાથે સદ્‌ગતના આત્માને પરમાત્મા પરમ શાંતિ અર્પે તેવી પ્રાર્થના કરે છે.

લિ.
શ્રી જૈન આત્માનંદ સભા
ખારગેઈટ, ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સમ્યક્દ્રષ્ટિ વિના વિશાળ જ્ઞાન કે તત્વજ્ઞાનની ગહન જાણકારી નિરર્થક છે !

*ડૉ. કુમારપાળ દેસાઈ*

વ્યવહાર જીવમાં વ્યક્તિની પાસે વિવેકપૂર્ણ દૃષ્ટિની અપેક્ષા રાખવામાં આવે છે. એ જ રીતે અધ્યાત્મની પગદંડીએ આરોહણ કરનારને માટે પહેલું સોપાન છે સમ્યક્દ્રષ્ટિ. મિથ્યાદ્રષ્ટિ માનવીને કષાયમાં ડૂબાડી રાખે છે. દુરાગ્રહો, ધર્માંધતા અને સાંપ્રદાયિકતામાં સકીર્ણ બનાવી દે છે. સમયક્દ્રષ્ટિ એટલે કે આત્મકલ્યાણના તત્ત્વ વિશેની દ્રષ્ટિ. સમ્યક એટલે સાચું અથવા નિર્મળ. નિર્મળદ્રષ્ટિ સાધકમાં શુદ્ધ જિજ્ઞાસા પ્રગટાવે છે. એ જિજ્ઞાસાને કારણે એ પ્રત્યેક બાબતને એકાંગી દ્રષ્ટિથી કે સ્વમતાગ્રહથી નહી, બલકે અનેકાંગી દ્રષ્ટિથી અનંકાંતદ્રષ્ટિથી નિહાળે છે.

વ્યક્તિમાં જ્ઞાન કે બુદ્ધિનો અસાધારણ વિકાસ થયો હોય, પરંતુ એના સદુપયોગની દ્રષ્ટિના અભાવે જ્ઞાન ગર્વમાં અને બુદ્ધિ પ્રપંચ કે અહંકારમાં ખૂંપી જાય છે. આથી જ્ઞાન કે આચરણમાં ગમે તેવા ઉત્કૃષ્ટ હોય, પરંતુ એને માટે સમ્યક્દ્રષ્ટિ આવશ્યક છે.

સમ્યક્દ્રષ્ટિ એ ચારિત્ર્ય માટેનો મૂળભૂત પાયો છે અને એમાં અશ્રદ્ધા, અંધશ્રદ્ધા કે અર્ધશ્રદ્ધા નહી, બલ્કે સાચી વિવેકપૂર્ણ શ્રદ્ધા હોય છે. આ શ્રદ્ધામાં કાર્યકારણ ભાવના અને યથાર્થનો વ્યક્તિને ખ્યાલ હોય છે. કલ્યાણ સાધનાના માર્ગ પર શું અનુકૂળ અને શું પ્રતિકૂળ હોઈ શકે એની સમજ પ્રગટે છે. આ શ્રદ્ધાતત્ત્વ એ જ સમ્યક્દ્રષ્ટિ.

આચાર્ય ઉમાસ્વાતિજીએ ''સમ્યક્દર્શન જ્ઞાન ચારિત્રાણિ મોક્ષમાર્ગ.'' એમ શ્રી તત્ત્વાર્થસૂત્ર ગ્રંથના પ્રથમ સૂત્રમાં જ કહ્યું છે અને એનો અર્થ એટલો કે સમ્યક્દર્શન, સમ્યક્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર એ ત્રણે મળીને મોક્ષમાર્ગ પ્રાપ્ત થાય છે. પ્રત્યેક સાધક કે મુમુક્ષુની યાત્રાનો પંથ મોક્ષમાર્ગ છે. અને એનું પહેલું પગથિયું છે સમ્યક્દર્શન અથવા સમ્યક્દ્રષ્ટિ. આમાં સમ્યક્ શબ્દ અત્યંત મહત્વનો છે, દરેક વ્યક્તિ પાસે કોઈને કોઈ પ્રકારનું જ્ઞાન હોય છે, પરંતુ એ દર્શન કે જ્ઞાન જો સમ્યક્ ન હોય તો એનું અધ્યાત્મિક જગતમાં કશું મૂલ્ય નથી. ભૌતિક સુખ–સમૃદ્ધિમાં સહાયક એવા જ્ઞાન કે દર્શનને સમ્યક્દર્શન કહી શકાય નહિ, કારણકે એમાં સમ્યક્દ્રષ્ટિ હોતી નથી.

આ સમ્યક્દૃષ્ટિ એટલે શું? એની વ્યાખ્યા છે. 'તત્વાર્થ શ્રદ્ધાનં સમ્યગદર્શનમ્' એટલે કે પદાર્થનું (તત્વોનું) સ્વરૂપ યથાર્થરૂપે જ્ઞાન અને એવી જ શ્રદ્ધા તે સમ્યક્દર્શન કહેવાય છે. આમ ધર્મતત્ત્વ પ્રત્યે અતૂટ શ્રદ્ધા એ સમ્યક્દ્રષ્ટિનો પાયો છે. વ્યક્તિને આત્મા, સ્વર્ગ, મોક્ષ આદિની પ્રતિતી હોય ત્યારે આવી દ્રષ્ટિ જાગે છે. આત્મસ્વરૂપને જાણવાની તીવ્રત્તમ રૂચિ હોય અને ધર્મતત્વો પ્રત્યે આસ્થા હોય. આવી દ્રષ્ટિ કોઈકને સ્વાભાવિક રીતે જ પ્રાપ્ત થાય છે. કોઈને શાસ્ત્રોના અધ્યયનમાંથી અથવા તો ગુરુના ઉપદેશમાંથી સાંપડે છે. કોઈને બાહ્ય સંજોગોમાંથી મળે છે.

આવી સમ્યક્દ્રષ્ટિ એ આત્માનું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અંતર્જાગરણ છે અને આવું અંતર્જાગરણ એ જ અધ્યાત્મની જન્મદાત્રી છે. આ અંતર્જાગરણ માટે સાધક પ્રયત્નશીલ હોય છે. આવું જાગરણ આવે એટલે સાધકની જીવનદ્રષ્ટિ બદલાઈ જાય છે. આવી સમ્યક્‌દ્રષ્ટિ સાંપડે એટલે દેહ અને આત્માની ભિન્નતાનો ખ્યાલ આવે છે. આત્માના ચિદાનંદ સ્વરૂપની ઓળખ થાય છે અને આ રીતે એને લોકોત્તર દ્રષ્ટિ સાંપડે છે.

આવી સમ્યક્‌દ્રષ્ટિની પ્રાપ્તિ માટે એ જરૂરી છે કે દર્શન મોહનીયની ત્રણેય પ્રકૃતિઓ જાણી લેવી જોઈએ. સમક્તિ મોહનીય, મિશ્ર મોહનીય, મિથ્યાત્વ મોહનીય તથા આનંદાનુબંધી ક્રોધ, માન, માયા, લોભ વગેરે સાત પ્રકૃતિઓના ઉપશમ, ક્ષયોપશમ અથવા ક્ષય થવાથી આત્મામાં જે શુદ્ધ અધ્યવસાય ઉત્પન્ન થાય છે એને સમ્યક્‌ત્વ કહે છે.

આવી રીતે સાંપડેલી સમ્યક્‌દ્રષ્ટિથી સાધકનો આત્મા અધ્યાત્મિક મહેલનું પ્રથમ શિખર સર કરે છે. એનાથી આત્માનો ઉત્તરોત્તર વિકાસ થાય છે અને તે અમરત્વ પ્રાપ્ત કરીને સિદ્ધ, બુદ્ધ અને મુક્ત બને છે. આમ, સમ્યક્‌દ્રષ્ટિએ આધ્યાત્મિક્તાની જન્મદાત્રી, રક્ષક અને વૃદ્ધિદાત્રી એમ ત્રણે બને છે.

***(ગુજરાત સમાચાર તા. ૭-૧૨-૨૦૦૦ની અગમનિગમ અને અધ્યાત્મપૂર્તિમાંથી સાભાર)***


## દાદર ટી. ટી. સર્કલ--મુંબઈ ખાતે
## માનવ મેડીકલ ડાયગ્નોસ્ટીક સેન્ટરનો શુભારંભ

માનવ વેલ્ફર પબ્લીક ચેરીટેબલ ટ્રસ્ટના ધારાધોરણ નીચે રજીસ્ટર્ડ સંસ્થા છે. ટ્રસ્ટના લોકોપયોગી અનેક હેતુઓ પૈકી લોકોને મેડીકલ સુઘડ અને સઘન સુવિધા પુરી પાડવાનો એક મહત્ત્વનો હેતુ છે. આ ઉદેશને લક્ષમાં રાખીને માનવ મેડીકલ ડાયગ્નોસ્ટીક સેન્ટરનો આરંભ સમારંભની ઔપચારિકતા વિના કચ્છી નૂતન વર્ષના મંગલ દિવસ ૧૧-૭-૨૦૦૨ ગુરુવારથી શુભારંભ કરવામાં આવેલ છે.

મુંબઈના નામાંકિત અનુભવી, કવોલીફાઈડ તથા વિદેશમાં તાલીમબદ્ધ થયેલા સ્પેશ્યાલીસ્ટ અને સુપર સ્પેશ્યાલીસ્ટ તથા સીનીયર સ્પેશ્યાલીસ્ટની પ્રથમ તબક્કાની નિમણુંક પ્રક્રિયા પૂરી કરી છે. અને પોલીકલીનીકલ ઓ.પી.ડી. સેવાનો શુભારંભ થઈ ચૂક્યો છે. સેન્ટરના પેલા તથા બીજા માળે મળીને ૧૨ ઓ.પી.ડી. રૂમ છે. નિદાન સેવા ઉપરાંત સુસજજ ફુલ્લી ઓટોમેટેડ, પેથોલોજી તથા ફીઝીયોથેરાપીની તબીબી સેવા પણ શરૂ થઈ ચૂકી છે. ક્ષ-કિરણ સુપર સ્પેશ્યાલીસ્ટ્સની નિમણુંક કરતી વેળાએ સેન્ટરના જરૂરત મંદ દર્દીઓનું ઓપરેશન, સી.ટી. સ્કેન, એન્જયોગ્રાફી, બાયપાસ સર્જરી, વ સબ્સીડાઈઝડ દરથી કઈ રીતે થઈ શકે તે અંગે કાળજી લેવામાં આવી છે. વિશેષ વિગત રૂબરૂ અગર ટેલીફોનથી મળી શકશે.

સંપર્ક :--- માનવ વેલફેર ટ્રસ્ટ (એમ. એમ. ડી. સેન્ટર)
ડોકટર્સ હાઉસ, (જેઠારામ બાગ), ડૉ. આંબેડકર માર્ગ, દાદર ટી. ટી. સર્કલ,
મુંબઈ-૪૦૦૦૧૪ ફોન : ૪૧૮૩૧૦૦, ૪૧૮૩૨૦૦


For Private And Personal Use Only


Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

With Best Compliments from :

**AKRUTI**

**NIRMAN PVT. LTD.**

201, Mukhyadhyapak Bhavan, Road No. 24,
Above Nityanand Hall, SION (W.) MUMBAI-400 022
Tele : 408 17 56 / 408 17 62 (code No. 022)




શ્રી આત્માનંદ સભા
દ્વારા પ્રકાશિત
"શ્રી આત્માનંદ પ્રકાશ"
રૂપી
જ્ઞાન દીપક
સદા
તેજોમય રહે
તેવી
હાર્દિક
શુભેચ્છાઓ....

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## કલકત્તામાં યોજાઈ ગયેલ

# ડૉ. કુમારપાળ દેસાઈના પ્રવચનો

જૈન એકેડેમી કલકત્તાના ઉપક્રમે વિખ્યાત સાહિત્યકાર અને જૈનદર્શનના આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત વિદ્વાન ડૉ. કુમારપાળ દેસાઈના પ્રવચનો યોજવામાં આવ્યા હતા. એમની સરળ અને માર્મિક વાણી, શાસ્ત્રીય છણાવટ તથા મૌલિક ચિંતનથી ભરેલી પ્રવચન શૈલીએ કલકત્તાના સાંસ્કૃતિક, ધાર્મિક અને સાહિત્યિક જગતમાં નવીન ચેતના જગાડી હતી. જૈન એકેડેમી (કલકત્તા)નો સહયોગ મેળવીને અન્ય જુદી જુદી સંસ્થાઓએ પણ એમના પ્રવચનનું આયોજન કર્યું હતું.

જૈન એકેડેમી દ્વારા આયોજિત ૨૨ જુન અને શનિવારે સાંજે જ્ઞાનમંચ ઓડિટોરિયમમાં પ્રથમ પ્રવચન 'ભગવાન મહાવીરસ્વામીના જીવન રહસ્યો' વિશે યોજાયું હતું.

તા. ૨૩મી જુન રવિવારે સવારે પ્રિટોરિયા સ્ટ્રીટના જ્ઞાનમંચ ઓડિટોરિયમમાં ડૉ. કુમારપાળ દેસાઈએ 'વિશ્વધર્મઃ ચાર ભાવના'એ વિશે વક્તવ્ય આપ્યું હતું. બપોરના કલકત્તાના ગુજરાતી સાહિત્ય મંડળમાં 'અર્વાચીન ગુજરાતી સાહિત્ય' પર તથા સાંજના કલકત્તાના જૈન જાગૃતિ સેન્ટર દ્વારા 'દુઃખની પાનખરમાં જીવનનો આનંદ'એ વિષય પર લાક્ષણિક શૈલીમાં પ્રવચનો યોજાયા હતા.

તા. ૨૪ જુન સોમવારે સવારે સ્થાનકવાસી વાડીમાં યોજાયેલ જુદી જુદી સંસ્થાઓના અગ્રણીઓની સભામાં ડૉ. કુમારપાળ દેસાઈએ જણાવ્યું કે આજે સૌથી મોટી જરૂર ધાર્મિક પાઠશાળાઓને ચેતનવંતી કરવાની છે. સમાજમાં જ્ઞાનની ગરિમા સ્થાપવાની છે. આજના વિશ્વને અહિંસા, પર્યાવરણ, સંયમ, અપરિગ્રહ અને અનેકાંતવાદથી જૈનધર્મ નવો પ્રકાશ આપી શકે તેમ છે. માત્ર એને માટે જૈનોએ એક અને નેક બનવાની જરૂર છે. આ રીતે ડૉ. કુમારપાળ દેસાઈનો ચાર દિવસનો આ વ્યાખ્યાન પ્રવાસ કલકત્તાના સંસ્કારી અને જિજ્ઞાસુ શ્રોતાઓ માટે અપૂર્વ અવસર બની ગયો.

આ તમામ વ્યાખ્યાનોના આયોજનમાં જૈન એકેડેમીના પ્રમુખ શ્રી હર્ષદ દોશી, ઉપપ્રમુખ અશ્વિન દેસાઈ, મંત્રીશ્રી હરખભાઈ શાહ, સહમંત્રીશ્રી પ્રફુલ્લ કોઠારી, ખજાનચી શ્રી એન. ડી. મહેતા આદિ ટ્રસ્ટીગણે તેમજ અન્ય મહાનુભાવોએ ઘણી જહેમત ઉઠાવી હતી.

❀

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# નંદ મણિકારની કથા

**પ્રભુ મહાવીર પાસેથી સમ્યકત્વ મેળવીને મણિકાર શેઠની જેમ પાખંડી લોકોના સંસર્ગથી પ્રાપ્ત થયેલો ધર્મ પણ નાશ પામે છે.**

એક વખત રાજગૃહિ નગરીમાં શ્રી વર્ધમાન જિનેશ્વર પધાર્યા. શ્રેણિક વગેરે શ્રદ્ધાળુ લોકો વંદન માટે ત્યાં ગયા. તે વખતે સૌધર્મ દેવલોકમાં રહેનારો દર્દુરાંક નામનો દેવ ચૌદ હજાર સામાનિક દેવતાના પરિવાર સાથે જિનેશ્વરના વંદનને માટે ત્યાં આવ્યો. સૂર્યાભ દેવની જેમ શ્રી મહાવીર પ્રભુ સમક્ષ બત્રીશ પ્રકારના નાટક કરીને પોતાના સ્થાને ગયો.

તે વખતે ગૌતમ સ્વામીએ પૂછ્યું, હે ભગવંત! આ દેવે આવા પ્રકારની ઋદ્ધિ ક્યા પુણ્ય વડે પ્રાપ્ત કરી? ભગવંતે કહ્યું—આ જ નગરમાં એક મહાઋદ્ધિવાળો મણિકાર શેઠ રહેતો હતો. તેણે એક વખત મારા મુખમાંથી ધર્મ સાંભળી સમ્યકત્વ સહિત બારવ્રતરૂપ શ્રાવકધર્મ અંગીકાર કર્યો. ત્યારપછી તેણે શ્રાવકધર્મ લાંબો સમય પાળ્યો. ક્યારેક દૈવયોગથી કુદૃષ્ટિના સંસર્ગથી તેમ જ તેવા પ્રકારના સારા સાધુના સમાગમના અભાવથી તેના મનમાં મિથ્યાત્વબુદ્ધિ વધવા લાગી અને સુબુદ્ધિ ક્રમે કરીને મંદ થઈ. તે કારણથી મિશ્ર પરિણામથી સમય પસાર કરતાં તે શ્રેષ્ઠિએ એક વખત ઉનાળામાં પોષહવ્રત સહિત અઠ્ઠમ તપ કર્યો. ત્યાં ત્રીજા દિવસની મધ્ય રાત્રિમાં તરસની પીડાથી આર્તધ્યાનવાળા તેણે આ પ્રમાણે વિચાર કર્યો.

જેઓ પરોપકારને માટે ઘણાં વાવ, કુવા, તળાવ વગેરે કરાવે છે તેઓ જ આ સંસારમાં ધન્ય છે. ધર્મ ઉપદેશકારોએ કહેલ આ શ્રેષ્ઠ ધર્મ છે. કારણકે ઉનાળામાં તૃષાર્ત થયેલા એવા જે જીવો વાવ, વગેરેમાં આવીને પાણી પીયને સુખી થાય છે, તેથી હું પણ સવારમાં એક મોટી વાવડી કરાવીશ. તેમ કરવાથી મને હંમેશા પુણ્યનો સંભવ થશે. એ પ્રમાણે દુર્ધ્યાન કરતો તે શ્રેષ્ઠિ બાકી રહેલી રાત્રીને પસાર કરીને સવારમાં પારણું કરીને શ્રેણિક રાજાની અનુજ્ઞા મેળવીને વૈભારગિરિ પાસે એક મોટી વાવડી કરાવે છે. તેની ચારે બાજુ વિવિધ વૃક્ષોથી સુશોભિત દાનશાળા-મઠ-મંડપ-દેવકુલિકા વિગેરે મનોહર–સુંદર વનોને કરાવે છે. આ સમયમાં ઘણાં મિથ્યાદૃષ્ટિના સંસર્ગથી બધી જ રીતે ધર્મથી ભ્રષ્ટ થયેલા તેને ઘોર પાપ કર્મના ઉદયથી શરીરમાં સોળ મોટા રોગો ઉત્પન્ન થયા. તેના નામો–ખાંસી, શ્વાસ, દમ, તાવ, દાહ, પેટની શૂળ, ભગંદર, મસા, અજીર્ણ, આંખ અને પીઠમાં શૂળ, અરૂચિ, ખરજવું, જલોદર, મસ્તક અને કર્ણની વેદના, કોઢ આ પ્રમાણે મોટા સોળ રોગો આગમોમાં કહેલા છે.

રોગથી ભરેલા દેહવાળો તે શ્રેષ્ઠિ મહાપીડાને અનુભવી, મરણ પામી, તે જ વાવડીમાં દેડકાપણે ઉત્પન્ન થયો. અને ત્યાં પોતાની વાવડી જોવાથી જાતિસ્મરણજ્ઞાન થયું. તેથી ધર્મ વિરાધનાનું ફળ જાણી શુભ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભાવનાવાળો તેણે આજથી મારે હંમેશા છઠ્ઠ તપ કરવો અને પારણામાં વાવડીના કિનારે પાણીના સ્નાનથી અચિત્ત થયેલું પાણી માટી વગેરેનું જ ભક્ષણ કરવું જોઈએ, આ પ્રમાણે અભિગ્રહ ગ્રહણ કર્યો. ત્યારપછી તેણે વાવડીમાં તે સમયે સ્નાનાદિને કારણે આવતાં લોકોના મુખમાંથી અમારા આગમનના સમાચાર સાંભળી મને પૂર્વભવનો ધર્માચાર્ય માની વંદનને માટે વાવડીમાંથી નીકળતો અને લોકો વડે કરૂણા બુદ્ધિથી વારંવાર વાવડીમાં નંખાતો પણ મહાવીર પ્રભુને વંદનના એક મનવાળો જેટલામાં વાવડીમાંથી બહાર નીકળ્યો, તેટલામાં ભક્તિના ભારથી ઉલ્લસિત મનવાળા ઘણાં પરિવારથી યુક્ત શ્રેણિક રાજા મને વંદનને માટે આવતા ત્યાં આવ્યા. ત્યાં દૈવયોગે તે દેડકો માર્ગમાં શ્રેણિક રાજાની ઘોડાની ખરી વડે દબાયો. ત્યાંજ શુભ ધ્યાનથી મરણ પામી સૌધર્મ દેવલોકમાં દર્દુરાંક નામનો દેવ થયો. ઉત્પન્ન થયા પછી તરત જ અવધિજ્ઞાનવડે પોતાના પૂર્વભવનું વૃતાંત જાણીએ, મને અહિં સમોસરેલા આવેલા જાણીને જલ્દી અહીં આવી વંદન કરી, પોતાની ઋદ્ધિ બતાવી પોતાને સ્થાને ગયો. એ પ્રમાણે શુભભાવનાથી આવા પ્રકારની ઋદ્ધિ તેને પ્રાપ્ત થઈ અને તે મહાવિદેહમાં સિદ્ધિને પામશે.

મિથ્યાત્વીના પરિચયથી કેવું નઠારું ફળ મળે છે? તે વિષે આ નંદ મણિકારનું દૃષ્ટાંત સાંભળી સમ્યક્ત્વવંત પુરુષોએ સર્વથા કુદૃષ્ટિના પરિચયનો ત્યાગ કરવો અને સમ્યગ્દૃષ્ટિના પરિચયને વધારવો.

આ પ્રમાણે સમ્યક્ત્વને દુષિત કરનારા સમ્યક્ત્વના પાંચ દૂષણો જે કહેવામાં આવ્યા છે તેઓથી સમ્યક્ત્વ મલિન થાય છે, માટે તે પાંચ દૂષણનો સર્વથા પરિહાર કરવો.

*—આત્મપ્રબોધ પુસ્તકમાંથી સાભાર.*

(ક્ષમાપના ટાઈટલ પેઈજ-૩નું ચાલુ)

**સત્યના મહાન સમર્થક અને પ્રરૂપક મહાવીરે લેશમાત્ર થોભ્યા વિના કહ્યું, 'ગૌતમ, આ બાબતમાં તમારે પ્રાયશ્ચિત કરવું જોઈએ. શ્રાવક આનંદ પાસે વેળાસર ક્ષમા યાચી લેવી જોઈએ.'**

**વનમાં તમામ ઝાડવાને તોફાની વાવંટોળ ઘડીભર ધ્રુજાવી નાખે, તેમ વાતાવરણમાં ધ્રુજારી પ્રસરી રહી. કેવો નિર્ણય! ખુદ પ્રભુ પોતાના પટ્ટધરને ક્ષમા માગવાનું કહે! ન શેહ, ન શરમ રાખી! કદાચ જ્ઞાની ગૌતમ ભૂલ્યા હોય, તો ખાનગીમાં પ્રાયશ્ચિત આપે, પણ એક શ્રાવક પાસે જઈને ક્ષમાયાચના માગવાની! અસંભવ! અશક્ય! ક્યાં ગૌતમ અને ક્યાં આનંદ! ધર્મકર્મમાં થોડું સમજનારો એક શ્રાવક ક્યાં અને ધર્મકર્મના સિદ્ધાંતોના સાગર મહાજ્ઞાની ગૌતમ ક્યાં?**

**દુનિયા દેખતી રહી ને ગર્વ, અહમ્ ને અભિમાન જીતી ચૂકેલા ગૌતમ તો સીધા આનંદ પાસે ગયા ને કહ્યું, 'આનંદ, તમે સાચા. મારા અસત્યના વિધાન માટે હું મિચ્છામિ દુક્કડં માગું છું.'**

**આનંદની આંખમાંથી આંસુની ધારા વહેવા માંડી. એણે કહ્યું, 'પ્રભુ! ભવોભવ અલભ્ય એવી તમારી લઘુતાને ધન્ય!' જય, પ્રભુ મહાવીરનો જય! જ્ઞાની ગૌતમનો જય!'**

*('મોતીની ખેતી' પુસ્તકમાંથી સાભાર)*

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શ્રી જૈન આત્માનંદ સભા દ્વારા પ્રકાશિત
'આત્માનંદ પ્રકાશ' રૂપી
જ્ઞાન દીપક સદા તેજોમય રહે તેવી હાર્દિક
શુભેચ્છાઓ....

બી સી એમ કોરપોરેશન

(હોલસેલ ફાર્માસ્યુટીકલ ડીસ્ટ્રીબ્યુટર્સ)

નં. ૧, કલ્પના સોસાયટી,
નવરંગપુરા પોસ્ટ ઓફિસ પાછળ,
નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯
ફોન : ૦૭૯-૬૪૨૭૨૦૦

## ઉ. ગુજરાત યુનિ. સાથે હેમચંદ્રાચાર્યનું નામ જોડાશે

ગુજરાતની પાંચ જેટલી યુનિવર્સીટી પૈકી ઉત્તર ગુજરાત યુનિનું નામાભિધાન 'હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સીટી' કરવાનો નિર્ણય રાજ્ય પ્રધાનમંડળની બેઠકમાં બુધવારે કરવામાં આવ્યો હતો.

મુખ્યપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની અધ્યક્ષતામાં મળેલી કેબીનેટ બેઠકમાં લેવાયેલા આ નિર્ણયની જાહેરાત કરતાં રાજ્ય સરકારના પ્રવક્તાએ જણાવ્યું હતું કે ઉક્ત યુનિ.નું મુખ્ય મથક પાટણમાં આવેલું છે અને મહેસાણા, બનાસકાંઠા, સાબરકાંઠા તથા પાટણ જિલ્લાઓમાં તેનું કાર્યક્ષેત્ર છે. પાટણ ગુજરાતની અસ્મિતાના જ્યોતિર્ધર કલિકાલ સર્વજ્ઞ હેમચંદ્રાચાર્યજીની કર્મભૂમિ હતી. માટે તેમના નામ સાથે ઉત્તર ગુજરાત યુનિ.નું નામ સાંકળવાનું નક્કી કરાયું હતું.

* * *

### સુખી થવાના દસ માર્ગો

૧. કામમાં હંમેશા વ્યસ્ત રહો.
૨. શક્ય તેટલું ઓછું બોલો.
૩. કયારેક કયારેક 'ના' બોલતા પણ શીખો.
૪. પોતાની ભૂલનો સ્વીકાર કરો.
૫. વ્યવહારિક બનો.
૬. પહેલા લખો પછી આપો.
૭. સૌનો અભિપ્રાય લઈ નિર્ણય કરો.
૮. સૌને આદરપૂર્વક માનથી બોલાવો.
૯. જરૂરિયાત ન હોય, એની ખરીદી ના કરો.
૧૦. વિચારો અને પછી જ બોલો....

### દુ:ખી થવાના દસ રસ્તા !

૧. મોડા સૂવું અને મોડા ઉઠવું.
૨. લેતી-દેતીનો હિસાબ ન રાખવો.
૩. કોઈના માટે કશું ન કરવું.
૪. હંમેશા પોતા માટે જ વિચારવું.
૫. પોતાની વાતને જ હંમેશા સાચી ઠેરવવી.
૬. કોઈનો કદી ન વિશ્વાસ કરવો.
૭. વગર કારણે ખોટું બોલવું.
૮. કોઈપણ કાર્ય સમયસર ન કરવું.
૯. વગર માગ્યે સલાહ આપવી.
૧૦. ભૂતકાળના સુખને યાદ કરતા રહેવું.

મેસર્સ સુપર કાસ્ટ
૨૮૬, જી.આઈ.ડી.સી. ચિત્રા, ભાવનગર
Manutacturer's of C.I. Casting. ✆ : 445428–446598

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# દુઃખમાં દીન ન બનજો....
# સુખમાં લીન ન બનજો....

*—ગણિવર્યશ્રી રાજરત્નવિજયજી મ.*

શ્રીમંતાઈ!! એને માનવી એક એવું સબળ માધ્યમ માને છે કે એના દ્વારા ધાર્યા નિશાન તાકી શકાય, ધાર્યા કાર્યો થઈ શકે. સામાન્યપણે મહદઅંશે આ વાતમાં કાંક તથ્ય હોય પણ ખરું કેમ કે સંપત્તિની રેલમ છેલ દ્વારા માનવી ઘણા કાર્યો કરી શકે છે પણ જ્યારે એ સંપત્તિનો શ્રીમંતાઈનો કેફ દિલ-દિમાગ પર છવાઈ જાય ત્યારે મોટી તકલીફ થઈ જાય છે ત્યારે માનવી એમ માનતો થઈ જાય છે કે સંપત્તિ દ્વારા હું બધું જ કરવા શક્તિમાન છું. ઘમંડની ભૂમિકા ત્યાં આવી જાય છે.

આનાથી બરાબર સામેનું તત્ત્વ છે ગરીબાઈ. એને માનવી એવું નિર્બળ ત્રાસદાયી માધ્યમ માને છે કે એના દ્વારા વ્યક્તિની કુદરતી સહજ શક્તિઓને ય લકવો લાગી જાય. સામાન્યપણે આ વાતમાં ય કાંઈક તથ્ય ખરું કેમકે દારૂણ ગરીબી માનવીની શક્તિને ઘણીવાર સાવ થીજાવી દેતીય જોવાય છે પણ આ ગરીબાઈની હતાશા જ્યારે દિલ-દિમાગ પર છવાઈ જાય છે ત્યારે મોટી સમસ્યા સર્જાય છે. ત્યારે માનવી એમ માનતો થઈ જાય છે કે હું 'કાંઈ કરી શકું એમ નથી.' દીનતાની ભૂમિકા ત્યાં આવી જાય છે.

શ્રીમંતાઈના કેફથી આવતો ઘમંડ કે ગરીબાઈની હતાશાથી સર્જાતી દીનતા, બન્નેય અવસ્થા નુકશાનકારક છે એટલે જ 'જ્ઞાનસાર' નામે જૈન ગ્રંથમાં પૂજ્ય મહોપાધ્યાયશ્રી યશોવિજયજી મહારાજે લખ્યું છે કે 'દુઃખં પ્રાપ્ય ન દીનઃસ્યાત્, સુખં પ્રાપ્ય ચ વિસ્મિતઃ' અર્થાત્ દુઃખમાં દીન ન બનજો અને સુખમાં ગર્વિષ્ઠ ન બનજો....દીન ન બનવાની યા ગર્વિષ્ઠ ન બનવાની વાતને એક મજાનું વાક્ય જરા જુદા તોરથી રજૂ કરે છે કે 'કોઈપણ વ્યક્તિ એટલી શ્રીમંત તો કદી હોતી નથી કે જેને ક્યારેય કોઈની મદદની આવશ્યકતા ન હોય અને કોઈપણ વ્યક્તિ એટલી ગરીબ તો કદી નથી હોતી કે જે ક્યારેય કોઈને કાંઈપણ મદદ કરી જ ન શકે.'

માનવી જો સત્ય બરાબર સમજી જાય તો પછી ન તો એ શ્રીમંતાઈમાં છકી જાય કે ન તો એ ગરીબાઈમાં દીનતા અનુભવે ખબર છે ને 'પંચતંત્ર'માની પેલી સિંહ અને ઉંદરની વાત? 'ઉંદરની મદદની મારે કાંઈ જરૂર પડવાની નથી.' આવા વ્યર્થ ગુમાનમાં રાચતા શક્તિશાળી સિંહને પણ બંધનમાંથી મુક્તિ માટે નાનકડા નિર્બળ ઉંદરોની જરૂર પડી જ હતી એમ 'પંચતંત્ર' કહે છે. શું દર્શાવે છે આ? એ જ કે શક્તિની દૃષ્ટિએ શ્રેષ્ઠ સંપન્નતા ધરાવનારને અન્યની મદદની જરૂર ક્યારેક ઊભી થતી હોય છે. 'પંચતંત્ર'ની કથા આમ કહે છે, તો હંગેરીની રાણીનો પ્રસંગ એમ કહે છે કે ગરીબમાં ગરીબ વ્યક્તિ પણ કાંઈક ને કાંઈક મદદ કરી શકે છે :

હંગેરીના રાજાના તાજા લગ્ન થયા ને નવી રાણી રાજમહેલમાં આવી. એ એટલી બધી પરોપકારપ્રિય અને કરૂણાદ્ર હતી કે મહેલના સહુજનો એને 'દયાની દેવી' તરીકે પિછાણવા માંડ્યો હાલતા ને ચાલતા એ સહુ કોઈને કાંઈ ને કાંઈ આપતી રહે!! એ સ્વયં તો આપે, પરંતુ પોતાના સેવકો દાસ-દાસીઓ વગેરેને પણ એ 'આપો આપો'નો જ ઉપદેશ સંદેશ વાત વાતમાં આપ્યા જ કરે. એકવાર એક દાસીથી ન રહેવાયું. એણે રાણીનો ઉપદેશ સાંભળતાવેત પ્રતિકાર કર્યો : 'રાણીજી! તમે તો સુખની ટોચ પર સાધનોની રેલમછેલમમાં રમો છો એટલે આપવાની વાત તમારા માટે બરાબર છે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તમનેએ પરવડી શકે પરંતુ અમને તો આપવું જરાય પરવડી શકે તેમ નથી. અમારી ખુદની સ્થિતિ એટલી મધ્યમ ગરીબ છે કે અમારે જ બીજાની અપેક્ષા રાખવી પડે છે ત્યાં અમે બીજાને શું આપી શકીએ?' તમે જ કહો કે તમારો આ 'આપો'નો ઉપદેશ અમારા માટે નિરર્થક છે કે નહિ?'

રાણીએ ક્ષણભર થંભીને સ્મિત વેરતા કહ્યું : 'તારી વાત ભલે સાચી છે તું પણ કાંઈક આપી શકે છે ભલે ને તું ગરીબ હો છતાં એ ગરીબાઈ એમાં અવરોધક નહિ બને.'

દાસી કાંઈ સમજી નહિ એ વિસ્ફારિત નેત્રે રાણી સામે જોતી રહી. રાણીએ સ્પષ્ટતા કરી : 'અરે! તું ભલે સંપત્તિનું દાન ન કરી શકે પરંતુ સહાનુભૂતિનું દાન તો કરી શકે ને? કંઈ કેટલાય હતાશ નિરાશ દુઃખી માનવો આપણી સમક્ષ છે એમને તું સહાનુભૂતિના પ્રેમના આશ્વાસનના શબ્દોનું દાન તો કરી શકે ને? આવા દાનની પણ કેટલાયને ઝંખના હોય છે તું એમને એ રીતે મદદરૂપ થઈ શકે....'

દાસીને રાણી દ્વારા કહેવાતાં 'આપો આપો....' શબ્દની સાર્થકતા સમજાઈ ગઈ....

છેલ્લે એક વાત : તમે શ્રીમંત હો તો દિલની દિવાલ પર આ વાક્ય અંકિત કરી રાખજો કે, ''મારે પણ કો'કની સહાયની જરૂર ક્યારેક પડશે? અને તમે જો ગરીબ હો તો આ વાક્ય અંતરના આરસ પર અંકિત કરી રાખજો કે હું પણ કો'કને ક્યારેક મદદરૂપ થઈ શકીશ....''

*(ગુજરાત સમાચાર તા. ૯-૧૧-૨૦૦૦ની અગમ-નિગમ અધ્યાત્મપૂર્તિમાંથી સાભાર)*

## અમાસના અંધારામાં ઝગમગતી જ્યોત : પૂ. જયંતિલાલજી મહારાજ

પૂ. જયંતિલાલજી મહારાજ સાહેબ ૫૦ વર્ષથી પૂર્વ ભારતમાં વિચરી રહ્યા છે. તેમનું જૈનધર્મ અને સિદ્ધાંતનું મૌલિક ચિંતન, સંસ્કૃત અને પ્રાકૃત ભાષા પર પ્રભુત્વ, વૈદિક અને બૌદ્ધ ધારાનો ઊંડાણથી અભ્યાસ અને વિદ્વતા જાણીતા છે. તેઓશ્રી બિહારના પછાત આદિવાસી વિસ્તારમાં વૈદકિય સહાય, શિક્ષણ, વ્યસનમુક્તિ, શાકાહાર ઈત્યાદિ ક્ષેત્રે મહત્ત્વની સેવા કરી રહ્યા છે. આ રીતે પૂ. જયંતિલાલજી મહારાજ સાહેબ જ્ઞાન, સેવા અને સાધનાની ત્રિવેણીધારા વહાવી રહ્યા છે.

જૈન એકેડેમી--કલકત્તા દ્વારા પૂજ્યશ્રીના ચિંતનને પુસ્તકરૂપે પ્રકાશિત કરી બહોળા સમુદાય સુધી પહોંચતું કરવાનો નિર્ણય કર્યો છે. આ પર્યુષણ પર્વ પર પ્રથમ પુસ્તક **'૧૪ સ્વપ્ન : મહિમા અને રહસ્ય'** બહાર પડશે. જેની વિગત નીચે મુજબ છે.

પુસ્તકનું નામ : ચૌદ સ્વપ્ન : મહિમા અને રહસ્ય

રચયિતા : પ. પૂ. શ્રી જયંતીલાલજી મહારાજ

સલાહકાર : પ્રખ્યાત વિદ્વાન ડૉ. શ્રી કુમારપાળ દેસાઈ

પૃષ્ઠ સંખ્યા : આશરે ૫૦ થી ૬૦, સારા કાગળ અને મુદ્રણ, આર્ટ પેપર પર ૪ રંગનું મુખપૃષ્ઠ, સચિત્ર ઉદાહરણ.

કિંમત : રૂપિયા ૨૦=૦૦ (એક પ્રતના, ટપાલ ખર્ચ સાથે)

પ્રાપ્તિ સ્થાન : (૧) **જૈન એકેડેમી,** ૩૨ બી, ચિતરંજન એવન્યુ, પહેલે માળે,
કોલકત્તા-૭૦૦૦૧૨ ફોન : (૦૩૩) ૨૩૬૬૨૦૧, ૨૩૭૫૪૬૨

(૨) **હર્ષદભાઈ દોશી,** ૫૮-એ, ૫૬ પુકુર રોડ,
કોલકતા-૭૦૦૦૨૦ ફોન : (૦૩૩) ૪૭૫૩૯૭૧, ૪૭૬૯૮૪૯

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર દ્વારા પૂર્વે પ્રકાશિત

**'બૃહત્ કલ્પસૂત્રમ'નું**

(સંસ્કૃત ભાષામાં ભાગ ૧ થી ૬)

પુનઃ પ્રકાશન કાર્ય ચાલુ છે. ભાગ ૧ થી ૩ પ્રસિદ્ધ થઈ ચૂક્યા છે.
આગળનું પ્રકાશન કાર્ય ચાલુ છે.

વધુ માહિતી માટે સંપર્ક સાધો :

**શ્રી જૈન આત્માનંદ સભા**

ખારગેઈટ, ખોડીયાર હોટલ સામે ખાચામાં,
ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત) ફોન નં. (૦૨૭૮) ૫૨૧૬૯૮

**APTECH**
COMPUTER EDUCATION

"ફેમીલી પેક" યોજના
એકની ફી ભરો અને ફેમીલીના બધા સભ્યો કોમ્પ્યુટર શિક્ષણ મફત મેળવો.

3rd Floor, Ajay Chamber, Kalanala, Bhavnagar - 364 001
(Gujarat) India Phone : (91) (0278) 425868 Fax : (91) (0278) 421278
Internet : http://www. aptech-education.com

**COMET**
COMPUTER CONSULTANCY

સૌપ્રથમ
કોમ્પ્યુટર કુંડળી
દેશ-પરદેશની
સુક્ષ્મ અને ચોક્કસ
કાઢવા માટે મળો.

10, V. T. Complex,
Kalanala, Bhavnagar - 364 001
Phone : (91) (0278) 422229

ભવિષ્યનું માર્ગદર્શન
મફત
રૂબરૂ મળો.


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# જૈનધર્મની મૂળસમજ અને માન્યતાઓ

*લેખક : પૂજ્યાચાર્ય શ્રી ચંદ્રોદયસૂરિજી મ.સા.ના*
*શિષ્યરત્ન ગણિવર્ય શ્રી કુલચંદ્ર વિ. મ.સા.*

દેશ અને દુનિયામાં સેંકડો પ્રકારના ધર્મ છે. કરોડો લોકો તે તે ધર્મના અનુયાયીઓ છે અને પોત-પોતાના ધર્મની સમજ (આજ્ઞા) પ્રમાણે અને પોતાની સમજણ સાથે ધર્મ કરતાં હોય છે. પરંતુ જ્યાં પોતાના જ વિચારોનો આગ્રહ–હક્ક કે સિક્કો લગાવવાની વાત આવે છે ત્યાં ઘણી બધી ગરબડો અને ગેરસમજણો પણ પેદા થતી હોય છે. પરિણામે ધર્મ વગોવાય છે અને લોકો, વગર વિચારે ધર્મની નિંદા કરતાં હોય છે. તદુપરાંત

સાંપ્રત સમયે માનવીનું જીવન વધારે ને વધારે અશાંતિ અને અજંપા ભર્યું બનતું જાય છે. સલામતી અને વિશ્વસનીયતા જોખમાતી જાય છે ત્યારે માનવી સમર્થનું શરણું અને ડૂબતો તરણું પકડે તેમ ધર્મને પકડે છે પરંતુ અજ્ઞાનતા અને અણસમજને કારણે પોતે જે માને–ધારે–લાગે તેને જ ધર્મ ગણે છે ત્યારે વધુ એક ધર્માભાસ પેદા થાય છે.

ઘણા બધા લોકો જૈનધર્મને માત્ર ક્રિયા-અનુષ્ઠાનનો ધર્મ સમજે છે. પ્રદર્શન અને આડંબરીય ધર્મ સમજે છે પરંતુ

માનવી માત્ર પોતાની મેળે જ નીચેના પ્રશ્નોમાં થોડીક જિજ્ઞાસા ભેળવે તો જૈનધર્મનું મૂળભૂત સ્વરૂપ સમજવામાં મુશ્કેલી નહિં નડે.

ધર્મ એટલે શું?

ધર્મ જીવનમાં શું કરે?

ધર્મથી ખરેખર કેવો લાભ થાય?

જૈનધર્મનું પાયાનું સ્વરૂપ શું છે?

અને જૈનધર્મની માન્યાતાઓ શું છે? તેની જિજ્ઞાસાઓને લક્ષમાં રાખી આછેરી રૂપરેખા દોરવાનો પ્રયાસ કર્યો છે.

૧. આ સમગ્ર બ્રહ્માંડમાં ચેતન–અચેતન વસ્તુઓ રહેલી છે. દરેક વસ્તુઓ પોતાના સ્વભાવને ધારણ કરે છે, જેમ સૂર્યને પ્રકાશવાનો ધર્મ છે, પુષ્પને ખીલવાનો ધર્મ છે તેમ માનવીને માનવતા–સાધુતા અને દિવ્યતા પ્રગટ કરવાનો ધર્મ છે.

૨. ધર્મ કરવો એટલે સ્વભાવને પ્રગટ કરવો, સદ્‌ભાવને ધારણ કરવો અને આંતરિક દોષો, અભિમાન, ક્રોધ, રાગ-દ્વેષ વિગેરે ઉપર વિજય મેળવવો.

૩. જે ધર્મ માનવજાતિને સભ્યતા, માનવતા, આત્મીયતા, મહાનતા વિ.ના પંથે દોરી જાય છે.

ક્ષમા, પ્રેમ, અહિંસા વિગેરે સદ્‌ભાવોને આત્મસાત્‌ કરાવે છે, માન, મોહ, વિષય કષાયોમાંથી છુટકારો અપાવે છે.

જે ધર્મ નાના–મોટા સર્વ જીવ સમૂહોનું રક્ષણ કરે છે, પ્રકૃતિ અને પર્યાવરણને જાળવે છે, જે ધર્મ આત્મવિકાસ અને માનવવિકાસ ઉપર ખુબ જ ભાર મુકે છે. જેના નિયમો વ્રતો વૈજ્ઞાનિક સિદ્ધાંતોથી પણ ભરેલાં છે અને સર્વલોકના સિદ્ધાંતો–સ્વરૂપો સમજાવનારા મૂળગ્રંથો એવા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પવિત્ર આગમો રહેલાં છે.

જે ધર્મને સાંભળવામાં અને સમજવામાં પણ અનેરો માનસિક તથા આત્મિક લાભ પ્રાપ્ત થાય છે.

જે ધર્મનો ઇતિહાસ અહિંસા, પ્રેમ, ક્ષમા, શૌર્ય, દેશદાઝ વિગેરે ગુણોથી ઉજળો છે, સર્વના મૂળભૂત સુખોનો વિચાર કરી સાચો માર્ગ બતાવે છે. દુઃખોને કાયમી દૂર કરવા તેના કારણરૂપ દોષો અને કર્મોને હરાવવા પ્રચંડ શુભકારી તત્ત્વો અને સિદ્ધાંતો બતાવે છે.

જે ધર્મના સ્વીકારનારાઓનું જીવન સરેરાશ સુખી, સમૃદ્ધ, સદ્ગુણો અને ભાવનાઓથી ભરેલું છે. જે ધર્મના નિયમો, વ્રતો, પર્વો–તહેવારો, સાધનાઓનું આંશિક પાલન દુઃખમુક્ત, વ્યસનમુક્ત અને દુર્ગુણોથી મુક્ત બનાવે છે. એટલું જ નહિ, તંદુરસ્તી રોગમુક્ત શાંતિ આનંદ વિગેરેની પ્રાપ્તિ કરાવે છે.

જે ધર્મને કોઈ જાતિ સંપ્રદાય, પંથ, સમાજ, દેશ કે વિદેશના બંધન નથી, સર્વ લોકોએ યથાયોગ્ય સ્વરૂપે સ્વીકારેલો છે અને જેનું પ્રાચીન સાહિત્ય, સંસ્કૃતિ, કલા, શિક્ષણ જગતભરમાં ફેલાયેલું છે.

એવા જૈનધર્મનું સ્થાપન સંપૂર્ણ દોષમુક્ત સર્વ ગુણોથી યુક્ત એવા વીતરાગી તીર્થંકર ભગવંતોએ જગતના ઉદ્ધાર માટે કરેલું છે. તેથી જૈનધર્મ એ વિશ્વધર્મ છે. આત્મશાંતિનો ધર્મ છે. અને આનંદપ્રાપ્તિનો ધર્મ છે.

જે જૈનધર્મના કેન્દ્રમાં પંચપરમેષ્ઠિ અને નવપદજી રહેલાં છે, જેમાં વિશ્વની સર્વોચ્ચ શક્તિઓનું સ્થાપન થયેલું છે. ધર્મનું સત્ય સ્વરૂપ બતાવનારા ગુરુ ભગવંતોનું શ્રેષ્ઠ સ્થાન રહેલું છે. અને ક્ષમા સત્ય વિગેરે ધર્મોનું વિશદ્ નિરૂપણ કરેલું છે. એવા જૈનધર્મનો આરંભ અતિ લાંબા અનાદિ કાળથી ચાલ્યો આવે છે તેવા પ્રાચીન ઉલ્લેખો પ્રાપ્ત થયેલાં છે અને સ્વતંત્ર ઇતિહાસ વિકાસ વિલક્ષણતાઓથી પણ જન સમૂહમાં જૈન ધર્મ ઊંડો ઉતરેલો છે.

જે જૈનધર્મનું બાહ્ય સ્વરૂપ, શક્તિઓનું સંરક્ષણ અને સંવર્ધન કરે છે. તે તપ–ત્યાગ ભક્તિ, દયા, દાન, વ્રત વિગેરે ચોક્કસ નિયમોનું જ્ઞાન આપી સાધનો અને સાધના વિધિક્રમ બતાવે છે. તથા આંતરિક સ્વરૂપ સર્વશક્તિઓના આધારભૂત આત્મગુણોને–આત્મસુખોને પ્રાપ્ત કરાવે છે. તેની માટે સર્વ પ્રથમ સર્વ જિનેશ્વરોની આજ્ઞાઓની સંપૂર્ણ શ્રદ્ધાથી સ્વીકાર કરવા મહત્વ સમજાવે છે. બીજા નંબરે અંતરના દુર્ગુણો, દોષો, શત્રુઓનો નાશ કરવા અહિંસા, પરોપકાર, પરાક્રમ, પ્રેમ વિગેરે અનંત સદ્ભાવોને આત્મસાત્ કરનારો સાધના માર્ગ બતાવે છે, અર્થાત્ જીવન ચર્ચાનો માર્ગ બતાવે છે. જે પરંપરા એ અંત સમયે સમાધિ સુંદરતા આપી સિદ્ધિગતિએ પહોંચાડે છે.

## માન્યતાઓ

૧. નાત જાત કોમથી મુક્ત એવો જૈન ધર્મ, નાના સૂક્ષ્મ જીવોને પણ સુખ દુઃખની લાગણી, સંવેદના સરખી હોય છે. તેથી કોઈપણ પ્રકારે કોઈપણ જીવની હિંસા પીડા ન થાય તે માટે અહિંસા પરમોધર્મની વિભાવનાને જીવનમાં ચરિતાર્થ કરવાનું જણાવે છે.

૨. સુખ દુઃખ આપનાર અન્ય કોઈ નથી, તારા કરેલાં કર્મો જ તને સુખી કે દુઃખી કરશે. અને સર્વ કર્મો બાંધનાર પોતાનો આત્મા જ છે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને તેને મુક્ત કરનાર પણ પોતાનો આત્મા જ છે. તેવો કર્મ સિદ્ધાંત વિસ્તારથી સચોટ અને સૂક્ષ્મપણે જૈન ધર્મ જ બતાવે છે.

૩. જગતનો કર્તા કોઈ અમુક ઈશ્વર કે ભગવાન નથી પણ આત્મા પોતે જ શુભાશુભ કર્મનો કર્તા હર્તા ભોક્તા છે. અને પોતે જ સર્વ કર્મથી મુક્ત થનારો છે. અને તે માટે સંયમ, અધ્યાત્મ ધર્મ કે યોગના માર્ગે ચાલવાથી, શક્તિ વાળવાથી સંપૂર્ણ દોષો અને કર્મથી મુક્તિ મેળવી શકાશે.

૪. સંપૂર્ણ વિશ્વ અને તેમાં રહેલાં પદાર્થો, જડ કે ચેતન વસ્તુઓનું સ્વરૂપ, વ્યવસ્થા વિગેરેના ચોક્કસ નિયમો ભેદ, પ્રભેદો, પ્રકારો, અણુ, પરમાણુની સૂક્ષ્મ તે જ શક્તિઓ, વૈજ્ઞાનિક શોધો પૂર્વેની સિદ્ધિઓ, પુર્નજન્મ, પરલોક, સ્વર્ગ, નરક, પુણ્ય, પાપ વિગેરે અગણિત વિષયોની તર્ક અનુભવ–પ્રમાણ–સિદ્ધાંત વિગેરેથી સિદ્ધિ કરી બતાવે છે.

## સારાંશ

જૈન ધર્મ માનવતાવાદી પુરુષાર્થ અને પરોપકાર પ્રેમી તથા મોક્ષલક્ષી ધર્મ છે.

૧. જૈન ધર્મની જીવન પદ્ધતિ અને રીતિ, નીતિ, સદ્‌ગુણ, સભ્યતા, શિક્ષણ, સંસ્કાર વિગેરેથી યુક્ત છે અને તેના નિયમો પાળવાથી પર્યાવરણ, સંપત્તિ, જીવનશક્તિઓની સુરક્ષા, સંવર્ધનના વિશાળ લાભો પ્રાપ્ત થાય છે. એટલું જ નહિ વાસ્તવિક શાંતિ, સુખ, ગુણવિકાસ તથા આત્મવિકાસ કરાવે છે.

૨. જૈન ધર્મના સ્થાનકોમાં, જિનમંદિરો, તીર્થો, જ્ઞાનશાળાઓ, જ્ઞાનભંડારો, ઉપાશ્રયો, આરાધના ભવનો વિગેરે હજારોની સંખ્યામાં દેશ વિદેશમાં ફેલાયેલાં છે.

૩. જૈન ધર્મની શાસન વ્યવસ્થા, તીર્થંકરોની આજ્ઞા પ્રમાણે જ ચાલે છે. તેનું પાલન કરનારા ધર્મગુરુઓ સાધુ-સાધ્વીજી ભગવંતો શ્રાવકો-શ્રાવિકાઓ ચારેયના સમૂહને શ્રમણ પ્રધાન ચતુર્વિધ શ્રીસંઘ કહેવાય છે. આ શ્રીસંઘ મોક્ષમાર્ગના પંથે ચાલનારો છે. પૂજનીય વંદનીય અને સત્કાર યોગ્ય છે.

૪. જૈનોના ધર્મગુરુઓ અનેક આકરાં વ્રતો, નિયમો પાળીને અત્યાધિક અહિંસા ધર્મનું પાલન કરીને ઈલેકટ્રીસીટી, પૈસા, સંપત્તિ, સ્ત્રી, પરિવારનો ત્યાગ કરી ધર્મનો ફેલાવો ગામોગામ પૈદલ પગપાળાં ચાલીને કરતાં હોય છે.

૫. જૈન ધર્મ સ્વીકારનારી પ્રજા શાંતિ, પ્રમાણિક અને સંસ્કારપ્રિય છે, વ્યસનો, કુટેવો, બદીઓથી મુક્ત અભક્ષ્ય, કંદમૂળ, માંસાહારનો સર્વથા ત્યાગ કરે છે. સમાજ દેશ, વિદેશ રાષ્ટ્રના વિકાસમાં આર્થિક વિગેરે પણ મહત્ત્વનો ફાળો આપનાર છે, સર્વ જીવનકર્મોને યથાયોગ્ય રીતે આચરીને સર્વ પ્રકારના બંધન જન્મ, જરા, મરણથી મુક્ત એવા મોક્ષસુખને પામવાનું ધ્યેય રાખે છે.


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

A L A N K A R

PHONE : (O) 517756; 556116

ALL KINDS OF
EXCLUSIVE FURNITURE



We Support your Back-Bone

ALANKAR FURNITURE


VORA BAZAR, NR. NAGAR POLE, BHAVNAGAR

*With Best Compliments From :*

JACOB ELECTRONICS
PVT. LTD.

Mfrs. Audio cassettes, components and compect disc Jewel boxes.

1/2 & 3 Building, "B" Sona Udyog,
Parsi Panchayat Road,
Andheri (E), MUMBAI-400 069



Website : WWW JetJacob.com
E-mail : JetJacob@vsnl.com

Tel : 838 3646
832 8198
831 5356
Fax : 823 4747

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# * ક્ષમાપના *

*---કુમારપાળ દેસાઈ*

ધરા ધખધખી રહી હતી. ધોમધખતો બપોર હતો. ભગવાન મહાવીરના પટ્ટશિષ્ય ઈંદ્રભૂતિ ગૌતમ અડવાણે પગે ને ઉઘાડે મસ્તકે ભિક્ષા વહોરીને પાછા ફરતા હતા. દિગ્દિગંત વિજયી ગૌતમના મુખ પર નમ્રતા તરવરતી હતી. જ્ઞાનનો ગર્વ ગળાઈ ગયો હતો. 'મારું એ સાચું' ના બદલે 'સાચું એ મારું'માં માનનારા મહાવીરના આ પરમ શિષ્ય હતા.

ધોરી માર્ગ વીંધીને ચાલ્યા જતાં ગૌતમને ખબર મળી કે ભગવાન મહાવીરના ગૃહસ્થ શિષ્ય આનંદ મૃત્યુપર્યંતનું અનશન ધારણ કરીને દર્ભની પથારીએ પોઢ્યા છે. દયાના અવતાર ગૌતમ અઢાર કોટિ હિરણ્યના સ્વામી, દશ હજાર ગાયોવાળા છ-છ વ્રજના માલિક આનંદ શ્રાવકને મળવા ગયા. મહાવીરના આ પટ્ટશિષ્યને જોઈને આનંદે વંદન કર્યા અને પૂછ્યું,

'ભગવન' કોઈ ગૃહસ્થને અવધિજ્ઞાન થઈ શકે છે ખરું?

'જરૂર. શ્રમણોપાસકને ગૃહસ્થાશ્રમ ચલાવતાં-ચલાવતાં પણ ત્રીજું મહાજ્ઞાન-અવધિજ્ઞાન થઈ શકે છે.'

આ સાંભળીને આનંદના ચહેરા પર તેજ પ્રગટી રહ્યું. એણે કહ્યું, 'ભગવન્, મને તેવું અવધિજ્ઞાન થયું છે. તેના લીધે અહીં બેઠાં-બેઠાં હું પૂર્વ-પશ્ચિમ ને દક્ષિણમાં લવણ સમુદ્રમાં પચાસ જોજન સુધી જોઈ શકું છું. ઉપર આકાશમાં સૌધર્મકલ્પ સુધી અને નીચે પાતાળમાં લોલચ્ચુઅ નરકાવાસ સુધીના તમામ પદાર્થ હું પ્રત્યક્ષ જાણી શકું છું.'

આનંદના અવાજમાં અનુભૂતિનો રણકો હતો. પાસે ટોળે વળેલાં પરિજનો તેમની વાત આશ્ચર્યથી સાંભળી રહ્યા. લબ્ધિના ભંડાર ગૌતમસ્વામી થોડીવાર વિચારમાં પડી ગયા ને બોલ્યા, 'આનંદ, શ્રાવકને અવધિજ્ઞાન થઈ શકે ખરું. પરંતુ તમે કહો છો તેટલું દુરગ્રાહી હોઈ શકતું નથી. તમે ભ્રાંતકથન કર્યું છે. આવા કથન માટે તમારે શીઘ્ર પ્રાયશ્ચિત કરવું જોઈએ.'

શ્રાવક આનંદને પોતાના દર્શનમાં પાકી શ્રદ્ધા હતી. એમણે કહ્યું, 'ભગવન્, પ્રભુ મહાવીરના શાસનમાં સત્ય બોલનાર માટે પ્રાયશ્ચિત છે ખરું?' 'ના' 'તો પછી આપે જ પ્રાયશ્ચિત કરવું ઘટે. આપે જ અસત્ય કથન કર્યું.' આનંદે આત્મવિશ્વાસથી કહ્યું.

શ્રમણોપાસકના આ વિધાને ગુરુ ગૌતમને ક્ષણભર વિમાસણમાં નાખી દીધા. લોકો કહેવા લાગ્યા કે આનંદે નાને મોઢે મોટી વાત કરી. ક્યાં સુધા શ્રેષ્ઠ ગૌતમને કયાં ગૃહસ્થ આનંદ! અરે! સાગર એ સાગર ને સરોવર એ સરોવર! ગુરુ ગૌતમ જ્ઞાનસાગર છે. સરોવરને પાળ હોય, પણ સાગરને તે કંઈ પાળ હોય?

મહાન ગણધર ગૌતમને સત્ય નિર્ણયની ભારે તાલાવેલી લાગી. એમણે તરત જ ભગવાન મહાવીર પાસે જઈને આખી ઘટના કહી અને પ્રાર્થના કરી, 'હે ભગવન્, આ વિષયમાં કોણે પ્રાયશ્ચિત કરવું ઘટે? મારે કે આનંદને?'

(અનુસંધાન માટે જુઓ પાનું-૧૬)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઑગસ્ટ : ૨૦૦૨ ❑ RNI No. GUJGUJ/2000/4488 ❑ Regd. No. GBV 31

जनो दर्शयति स्वीयान् विश्वऽद्भुतपराक्रमान् ।
परन्तु तादृशोऽप्यक्षनिर्जये कातरायते ॥

卐

માણસ દુનિયામાં પોતાનાં અદ્દ્ભુત પરાક્રમો દેખાડે છે, દેખાડીને જગત્‌ને છક્ક કરી દે છે, પરન્તુ એવો પણ મનુષ્ય (મહાન્ ચમત્કારદર્શક પણ અથવા મહાન્ યોદ્ધો પણ) પોતાની ઈન્દ્રિયોને વશ રાખવામાં કાયર બને છે. ૧૧.

卐

A man can surprise the world by showing his marvellous prowess or exploit, but even such a man becomes cowardly in curbing his senses. 11

*(કલ્યાણભારતી ચેપ્ટર-૪, ગાથા-૧૧, પૃષ્ઠ-૫૫)*

卐

પ્રતિ,

FROM :
**શ્રી આત્માનંદ પ્રકાશ**
૭. શ્રી જૈન આત્માનંદ સભા,
ખારગેઈટ, ભાવનગર-૩૬૪૦૦૧
ફોન : (૦૨૭૮) ૫૨૧૬૯૮

તંત્રી : શ્રી પ્રમોદકાન્ત ખીમચંદ શાહ

મુદ્રક અને પ્રકાશક : 'શ્રી જૈન આત્માનંદ સભા, વતી શ્રી પ્રમોદકાંત ખીમચંદ શાહએ સ્મૃતિ ઓફસેટ, જૈન વિદ્યાર્થી ગૃહ કંપાઉન્ડ, સોનગઢ-૩૬૪૨૫૦માં છપાવેલ છે અને શ્રી જૈન આત્માનંદ સભા, ખારગેઈટ, ભાવનગરથી પ્રસિદ્ધ કરેલ છે.'

For Private And Personal Use Only